વ્યાકરણની નોટ.

ગુજરાતી પાંચમું ધોરણ-[illegible] સારૂ.

ત્રિભોવન નારણ. થોરીઆ.

સ્કૂલ માસ્તર, ડુંગર.

સંસ્થાન ભાવનગર

અમદાવાદ--યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૫૧—સને ૧૮૯૫.

કિંમત ૨ આના.

પ્રસ્તાવના

વ્યાકરણ શીખનાર હરકોઈ વિદ્યાર્થી, અને દરેક શિક્ષક કબૂલ કરશે કે વ્યાકરણનું લેશન અઘરૂં છે, અને તે વ્યાકરણમાં શબ્દના બીજા વર્ગો કરતાં ક્રિયાપદ વિષે શીખવું શીખવવું વધારે અઘરૂં છે. હાલમાં નિશાળોમાં હોપ સાહેબનું બનાવેલું વ્યાકરણ ચાલે છે તેમાં આ પ્રકરણનો વિષય બહુજ ટુંકાવીને લખ્યો છે તેથી એકે એક નિશાળમાં આ વિષયની વિસ્તારથી નોટ ઉતરાવવાની જરૂર પડે છે. આ પ્રમાણે પાંચમા ધોરણમાં શીખવવા માટે તૈયાર કરેલી નોટ શીખનાર શીખવનારને બહુજ સરળ પડે અને ઓછી મહેનતે સચોટ જ્ઞાન થાય એ હેતુથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

આ નોટનો ઉપયોગ કરનારાઓને કાંઈ ભૂલ ચૂક જણાય તો ક્ષમા કરશો અને કાંઈ સુધારવા જેવું, ફેરફાર કરવા જેવું કે વધઘટ કરવા જેવું લાગે તે લખી જણાવશો તો ઉપકાર માની બીજી આવૃત્તિમાં સુધારો કરવા ધ્યાનમાં રાખીશ.

કર્તા.

વ્યાકરણની નોટ.

ક્રિયાપદ.

૧ કરવું, ચાલવું, થવું, ભોગવવું વગેરે મતલબના શબ્દોને ક્રિયાપદ કહેછે. જે શબ્દ કૃતિ અથવા સ્થિતિ બનાવેછે, તેને ક્રિયાપદ કહેછે.

ધાતુ.

૨ જે મૂળ ઉપરથી ક્રિયાપદનાં જુદાં જુદાં રૂપ થાયછે, તે મૂળનું નામ ધાતુ પાડ્યુંછે. જેમકે આપેછે, આપતો, આપશે, આપજે એ બધામાં આપ ધાતુછે. લખાવેછે, લખાવજે, લખાવાતો, લખાવશે એ બધામાં લખાવ ધાતુ.

૩ ધાતુ ઓળખવાની રીત–ક્રિયાપદમાં જે કામ કરવાનું કે કરાવવાનું હોય તેમાંથી વાનું કાઢી નાંખતાં બાકી જે રહે તે ધાતુ. જેમકે લખેછે એમાં લખવાનું કામ માટે લખ ધાતુ. દોડાવેછે એમાં દોડાવવાનું કામ માટે દોડાવ ધાતુ.

ક્રિયાપદને અનિયમિત વર્તમાન કાળના બીજા પુરૂષના એકવચનમાં હુકમ કરતાં જે રૂપ વપરાય તે ધાતુ. જેમકે લખેછે એમાં તું લખ એમ બોલાય, માટે લખ ધાતુ. ભણાવેછે એમાં તું ભણાવ એમ બોલાય. માટે ભણાવ ધાતુ.

૪ કેટલાંક ક્રિયાપદના ધાતુ યાદ રાખવા જેવા છે. છે એમાં છ ધાતુ. નથી એ છ ધાતુનું અકર્ણરૂપ. હોયછે એમાં હો ધાતુ. થાયછે એમાં થા ધાતુ.

૫ જોઇએ એ ક્રિયાપદમાં જો આંખે જોવાનું કામ હોય તો જો ધાતુ. જેમકે અમે નકશો જોઇએ, જો કાંઈ જોઇતું હોય તો જોઇ ધાતુ કહેવો. જેમકે અમારે ચોપડી જોઇએ.

સવાલ.

૧ ધાતુ એટલે શું ?

૨ ધાતુ ઓળખવાની રીત કહો.

૩ નથી, છે, હશે, થતું, જોઇએ એ ક્રિયાપદનો ધાતુ કહો.

૪ બ્રાહ્મણને લાડુ **જોઇએ** એમાં કયો ધાતુ છે ?

કર્ત્તા.

૬ કર્ત્તા એટલે ક્રિયાનો કરનાર. જેમકે– સુતાર પેટી ઘડેછે એમાં ઘડવાની ક્રિયા છે, તેનો કરનાર સુતાર છે, માટે સુતાર એ કર્તા.

૭ કર્ત્તા શોધી કાઢવાની રીત–ક્રિયાપદની પહેલાં કોણ અથવા કોણે મૂકીને સવાલ પૂછવાથી જે જવાબ આવે તે કર્ત્તા. જેમકે–સુતાર પેટી ઘડેછે. એમાં કોણ ઘડેછે ? જ. સુતાર. માટે સુતાર એ કર્તા. મગને રોટલો ખાધો. એમાં કોણ ખાધો ? એમ બોલાય નહિ, પણ કોણે ખાધો ? જ. મગને. માટે મગને એ કર્ત્તા.

બીજી રીત–ધાતુ ઉપર નાર મૂકી કોણ એમ સવાલ પૂછવો. જે જવાબ આવે તે કર્ત્તા. જેમકે છોકરો ભણેછે. એમાં ભણ ધાતુ છે. તેના ઉપર નાર મૂકી કોણ એમ સવાલ પૂછવો. ભણનાર કોણ ? જ. છોકરો. માટે છોકરો એ કર્ત્તા.

૮ કેટલાંક ક્રિયાપદમાં કર્ત્તા માલૂમ પડતો નથી તેવે વખતે તેનો કર્ત્તા ભાવ કહેવો. જેમકે પેટમાં દુઃખેછે. મને ગમેછે. આવાં ક્રિયાપદ ભાવકર્ત્તૃક કહેવાયછે,

૯ જ્યારે કર્ત્તા પોતે કામ ન કરતાં બીજા પાસે કરાવે ત્યારે પ્રયોજ્ય કહેવાયછે. જેમકે મગન લવજી પાસે ચોપડી લખાવેછે.

મૂળ ધાતુ ઉપર આડ, આવ, આવરાવ વગેરે પ્રત્યયો લાગી પ્રયોજ્ય બને છે. જેમકે જમાડ, લખાવ.

આવાં ક્રિયાપદનું વ્યાકરણ કરતાં મૂળ ધાતુ ન કહેતાં પ્રત્યય

લાગીને જે ધાતુ થયો હોય તે કહેવો. જેમકે—જમાડેછે એમાં જમાડ ધાતુ.

પ્રયોજ્ય ધાતુ હમેશાં સકર્મક હોય.

કેટલીકવાર પ્રયોજ્યનું રૂપ છતાં પ્રયોજ્ય હોતું નથી. જેમકે હું મારા ભાણેજને પાઘડી બંધાવુંછું (પ્રયોજ્ય નહિ.) હું મારી પાઘડી ભાણેજ પાસે બંધાવુંછું. (પ્રયોજ્ય)

જેની પાસે કામ કરાવવું હોય તેને પાસે, કને, મારફતે એવા શબ્દો લાગેછે તે ઉપરથી પ્રયોજ્ય ઓળખી શકાયછે.

સવાલ.

૧ કર્ત્તા એટલે શું?

૨ કર્ત્તા ઓળખી કાઢવાની રીત કહો.

૩ ભાવકર્તૃક એટલે શું?

૪ પ્રયોજ્ય એટલે શું?

૫ પ્રયોજ્યના પ્રત્યય કયા છે?

૬ પ્રયોજ્યનું રૂપ જણાતાં છતાં પ્રયોજ્ય ન હોય એવા દાખલા આપો.

કર્મ.

૧૦ કર્મ એટલે ક્રિયાનો ખમનાર અથવા કર્ત્તાનું ઉપજાવેલું ફળ. જેમકે સુતાર લાકડું કાપેછે. એમાં કાપવાની ક્રિયા, એનો ખમનાર લાકડું માટે લાકડું એ કર્મ. સુતારે ખુરશી ઘડી. એમાં કર્ત્તા સુતાર. તેનુ ઉપજાવેલું ફળ ખુરશી છે, માટે ખુરશી એ કર્મ.

૧૧ કર્મ શોધી કાઢવાની રીત—ક્રિયાપદની પહેલાં શું અથવા કોને મૂકી સવાલ પૂછવાથી જવાબ આવે તે કર્મ. જેમકે સુતાર પેટી ઘડેછે. એમાં શું ઘડેછે.? જ. પેટી માટે પેટી એ કર્મ. રાજા ચાકરને બોલાવેછે એમાં શું બોલાવે છે? એમ કહેવાય નહિ. તો

કોને બોલાવેછે ? જ. ચાકરને. માટે ચાકરને એ કર્મ.

બીજી રીત–ધાતુ ઉપર વાનુ મૂકી શું એમ સવાલ પૂછવો જ-વાબ આવે તે કર્મ. જેમકે મગન ચોપડી વાંચેછે. એમાં વાંચવાનુ શું ? જ. ચોપડી. માટે ચોપડી એ કર્મ.

૧૨ મહેતાજી છોકરાને આંક ભણાવેછે. એમાં કર્મ શોધી કાઢવા માટે શું ભણાવેછે ? જ આંક. કોને ભણાવેછે ? જ. છોકરાને એ રીતે આંક અને છોકરાને એ બે કર્મ થયાં. દે, આપ, કહે, માર, શીખવ, બોલ, ભણાવ એ ધાતુઓ પણ આવા બે કર્મવાળા છે બે કર્મવાળા ધાતુને દ્વિકર્મી કહેછે.

જ્યારે બે કર્મ હોય છે, ત્યારે તેમાંનું એક પહેલી વિભક્તિમાં હોયછે, અને એક બીજી વિભક્તિમાં હોયછે; જે પહેલી વિભક્તિમાં હોય તેને કર્મ કહેવું, જો તે હાજર ન હોય તો બીજી વિભક્તિવાળાને કર્મ કહેવું. જેમકે છોકરે ગાયને લાકડી મારી, એમાં લાકડી એ કર્મ. છોકરે ગાયને મારી. એમાં ગાયને એ કર્મ.

૧૩ હૈદર રાજા થયો. એમાં શું થયો ? જ. રાજા. તેથી રાજા એ કર્મ જણાયછે, પણ ખરેખરી રીતે જોતાં આ વાકયમાં કર્મ નથીજ. કેમકે થવાની ક્રિયાછે, તેનો ખમનાર રાજા નથી, તેમજ કર્તા હૈદરછે, તેનું ઉપજાવેલું ફળ પણ રાજા નથી. માટે રાજા એને કર્મ ન કહેવું.

સવાલ.

૧ કર્મ એટલે શું ?

૨ કર્મ શોધી કાઢવાની રીત કહો.

૩ દ્વિકર્મી ધાતુ એટલે શું ? તેના દાખલા આપો.

૪ જે ક્રિયાપદને બે કર્મ હોય તેમાંથી ખરૂં કર્મ કયું કહેવાય ?

૫ શિવાજી રાજા થયો એમાં થયોનું વ્યાકરણ કરો.

ક્રિયાપદના પ્રકાર.

૧૪ તમે કર્ત્તા કર્મ ઓળખવાની રીત પાછળ શીખી ગયા અને વ્યાકરણ (પદચ્છેદ) કરતી વખતે ક્રિયાપદ એટલું કહી કર્ત્તા કહોછો અને કર્મ કહોછો તે ઉપરથી તમને માલૂમ પડ્યું છે કે કેટલાંક ક્રિયાપદને કર્મ હોયછે, અને કેટલાંકને નથી હોતુ, આ ઉપરથી ક્રિયાપદની બે જાત જણાયછે. ૧ જેમાં કર્મ હોય એવાં. ૨ જેમાં કર્મ ન હોય એવાં. કર્મ હોય એવાં ક્રિયાપદને સકર્મક કહેછે અને કર્મ ન હોય એવાં ક્રિયાપદને અકર્મક ક્રિયાપદ કહેછે.

સૂચના—હવેથી વ્યાકરણ કરતી વખતે પ્રથમ કર્ત્તા પછી કર્મ પછી ક્રિયાપદની જાત, અને પછી ધાતુ કહેવો. જેમકે–મગન ચોપડી વાંચેછે. કર્ત્તા મગન, કર્મ ચોપડી, માટે સકર્મક ક્રિયાપદ, વાંચ ધાતુ.

૧૫ સકર્મક ક્રિયાપદ એટલે જેના કર્ત્તાની ક્રિયા બીજા માણસ અથવા વસ્તુ ઉપર લાગુ પડેછે તે. અકર્મક ક્રિયાપદ એટલે જેના કર્ત્તાની ક્રિયા બીજા માણસ અથવા વસ્તુ ઉપર લાગુ પડતી નથી તે.

૧૬ સકર્મક અને અકર્મક ઓળખવાની રીત–ક્રિયાપદની પહેલાં કોણ અથવા કોણે મૂકીને સવાલ પૂછવો અને શું અથવા કોને મૂકીને સવાલ પૂછવો. જો બંનેના જવાબ એકજ આવે તો અકર્મક ક્રિયાપદ જાણવું ને બંનેના જવાબ જુદા જુદા આવે તો સકર્મક ક્રિયાપદ જાણવું. જેમકે–મગન ચોપડી વાંચેછે. એમાં કોણ વાંચેછે? જ. મગન. શું વાંચેછે? જ. ચોપડી. બંનેના જવાબ જુદા જુદા આવ્યા માટે સકર્મક ક્રિયાપદ. લવજી બેઠો. એમાં કોણ બેઠો? જ લવજી. શું બેઠો? જ. લવજી બંનેનો જવાબ એક આવ્યો માટે અકર્મક ક્રિયાપદ.

બીજી રીત—ધાતુ ઉપર નાર મૂકી કોણ એમ સવાલ પૂછવો અને ધાતુ ઉપર વાનું મૂકી શું એમ સવાલ પૂછવો. જો બંનેના જવાબ જુદા જુદા આવે તો સકર્મક ક્રિયાપદ. અને એક આવે તો

અકર્મક ક્રિયાપદ. જેમકે મગન ચોપડી વાંચેછે. એમાં વાંચ ધાતુ. વાંચનાર કોણ ? જ. મગન. વાંચવાનું શું ? જ. ચોપડી. બંનેના જવાબ જુદા જુદા આવ્યા માટે સકર્મક ક્રિયાપદ. લવજી બેઠો. એમાં બેસ ધાતુ. બેસનાર કોણ ? જ. લવજી. બેસવાનું શું ? જ. લવજી. બંનેનો જવાબ એક આવ્યો માટે અકર્મક ક્રિયાપદ.

૧૭ કુતબુદ્દીન પાદશાહ થયો. એમાં થયો એ ક્રિયાપદ સકર્મક જેવું જણાયછે પણ ખરેખરી રીતે તે અકર્મક છે. કેમકે કર્તા (કુતબુદ્દીન) ની ક્રિયા કોઇના ઉપર લાગુ પડી નથી. પોતાનામાંજ રહીછે.

૧૮ તમે એક બે દિવસથી વ્યાકરણ કરતી વખતે ક્રિયાપદના પ્રકાર ઓળખો છો તેટલામાં તમને માલૂમ પડ્યું હશે કે કેટલાંક ક્રિયાપદ તો સકર્મક થાયછે અને કેટલાંક અકર્મકજ થાયછે. જેમકે ખા ધાતુવાળાં ક્રિયાપદ સકર્મકજ થાય. અને જા ધાતુવાળાં અકર્મકજ થાય. તો વહેછે એ કેવું ક્રિયાપદ છે ? તે તમે વિચારી જુઓ નદી વહેછે એમાં વહેછે એ કેવું ક્રિયાપદ ? જ. અકર્મક. મજૂર ભાર વહેછે એમાં ? જ. સકર્મક. ત્યારે હવે યાદ રાખવું કે વહેછે એ કોઇવાર સકર્મક અને કોઈવાર અકર્મક ક્રિયાપદ થાયછે.

આવા ધાતુને ઉભયવિધ કહેછે (ઉભય=બે+વિધ=જાત.)

જે ધાતુનાં ક્રિયાપદ કોઈ વેળા સકર્મક થાય અને કોઈ વેળા અકર્મક થાય તેને ઉભયવિધ કહેછે. ગળ, મળ, વહે, રમ, ભાગ એ ઉભયવિધ ધાતુછે. હસ, રડ, કુટ, ફળ, લડ, એ બીજી વિભક્તિમાં કર્મ લે એવા ઉભયવિધ ધાતુ છે.

આવાં ક્રિયાપદોનું વ્યાકરણ કરતી વખતે સકર્મક કે અકર્મક એ બરાબર વિચારીને કહેવું.

૧૯ જોઇએ એ ક્રિયાપદમાં જ્યારે આંખે જોવાનું કામ હોય ત્યારે સકર્મક થાય. પણ કાંઈ જોઇતું હોય તારે અકર્મક ક્રિયાપદ થાય.

જેમકે. અમે નકશો જોઇએ. (સકર્મક.) અમારે લાડુ જોઇએ (અકર્મક)

સવાલ.

૧ ક્રિયાપદના પ્રકાર કેટલા છે ? તેનાં નામ અને વ્યાખ્યા આપો.

૨ સકર્મક અને અકર્મક ઓળખવાની રીતો લખો.

૩ ઉભયવિધ ધાતુ એટલે શું ? તે સમજાવો અને દાખલા આપો.

૪ ઉભયવિધ ધાતુનું વ્યાકરણ કરતાં શી વાત ધ્યાનમાં રાખવી ?

૫ બ્રાહ્મણને તો લાડુ **જોઇએ**. મેં પાણી **ગળ્યું**. અમે નકશો **જોઇએ**. પછી તો શિવાજી રાજા **થયો**. છાપરામાંથી ઘણું પાણી **ગળ્યું** એનુ વ્યાકણુ કરો.

ભેદ.

૨૦ ભેદ બે છે. ૧ મૂળભેદ. ૨ શક્યભેદ.

ધાતુ ઉપર એમને એમ પ્રત્યય લાગીને જે ક્રિયાપદ થાયછે તે મૂળભેદનાં ક્રિયાપદ કહેવાયછે. જેમકે—ખાધું, વાંચશે, બાંધશે.

મૂળધાતુ મરડાયા પછી તેના ઉપર પ્રત્યય લાગી જે ક્રિયાપદ થાય છે તે શક્યભેદનાં ક્રિયાપદ કહેવાયછે જેમકે—ખવાયું, વંચાશે, બંધાશે.

૨૧ મૂળભેદના ક્રિયાપદને શક્યભેદમાં લાવવું હોય તો તેના કર્તાને પાંચમી વિભક્તિ લગાડી વાક્ય બોલવું, એટલે ક્રિયાપદ શક્યભેદમાં આવશે. જેમકે મગન ચોપડી વાંચેછે. એનુ શક્યભેદ મગનથી ચોપડી વંચાય છે.

૨૨ શક્યભેદ કરવાથી મૂળધાતુના છેડાના અનો આ થઈ જાયછે, પણ તેમ થતાં ધાતુના પહેલા અક્ષરમાં આ હોય તો તેનો અ થઇ જાયછે. જેમકે કર એનું કરા; લખ એનું લખા; સીંચ એનુ સીંચા, કૂદ એનુ કૂદા, વેચ એનું વેચા, જોડ એનું જોડા, જાળવ એનું જળ-

વા, બાંધ એનું બંધા, વાંચ એનું વંચા.

ધાતુને છેડે અ સિવાય બીજો સ્વર હોય તો વા વધેછે, પણ જો છેડે આ હોય તો વા વધતાં પહેલાં આનો અ થઈ જાયછે. જેમકે—પી એનુ પીવા, સૂએનુ સુવા, કહે એનું કહેવા, જો એનુ જોવા, ખા એનુ ખવા, ગા એનું ગવા.

૨૩ સકર્મક ક્રિયાપદ મૂળભેદમાં હોય તેને શક્યભેદમાં લાવીએ તો પ્રથમ કર્ત્તા હોય તે કારણ થઈ જાયછે, પહેલાં કર્મ હોય તે બીજા વાક્યમાં કર્ત્તા થાય છે, ને ક્રિયાપદ અકર્મક થઈ જાયછે. જેમકે મગન ચોપડી લાવ્યો એનું શક્યભેદ મગનથી ચોપડી લવાઈ.

અકર્મક ક્રિયાપદ મૂળભેદમાં હોય તેને શક્યભેદમાં લાવીએ તો પહેલાં કર્ત્તા હોય તે કારણ થઈ જાયછે, અને ક્રિયાપદનો ભાવ કર્ત્તા થાયછે. જેમકે લવજી આવ્યો એનું શક્યભેદ લવજીથી અવાયું.

તેથી કરીને શક્યભેદની નીચે પ્રમાણે બે જાતો થઈ.

૨૪ શક્યભેદની બે જાતો છે. ૧ કર્મણિ વાચ્ય. ૨ ભાવવાચ્ય.

સકર્મક ક્રિયાપદના શક્યભેદને કર્મણિ વાચ્ય કહેછે, કેમકે તેમાં ક્રિયાપદને કર્મ પ્રમાણે જાતિ વચન લાગેછે. જેમકે મગનથી ચોપડી લખાઈ, ગંગાથી વાસણ મંજાયાં.

અકર્મક ક્રિયાપદના શક્યભેદને ભાવવાચ્ય કહેછે, કેમકે તેમાં ક્રિયાપદને ક્રિયાપદના ભાવ પ્રમાણે જાતિ વચન લાગેછે. જેમકે છોકરાથી દોડાયું, મગનથી અવાયું વગેરે.

ક્રિયાપદનો ભાવ હમેશાં ત્રીજો પુરૂપ, નાન્યતર જાતિ, એકવચનમાં હોય છે તેથી ભાવવાચ્ય ક્રિયાપદ ત્રીજો પુરૂષ, નાન્યતર જાતિ એકવચનમાંજ હોયછે.

સવાલ.

૧ ભેદ કેટલાછે? તેનાં નામ અને વ્યાખ્યા આપો.

૨ શક્યભેદ કરવાની રીત કહો.

૩ શક્યભેદ કરવાથી મૂળ ધાતુના રૂપમાં કેવા કેવા ફેરફાર થાયછે? તે દાખલા સાથે લખો.

૪ મૂળભેદના ક્રિયાપદને શક્યભેદમાં લાવીએ તો કેવો ફેરફાર થાય?

૫ કર્મણિવાચ્ય અને ભાવવાચ્ય એટલે શું? તે સમજાવો.

૬ કર્મણિવાચ્ય અને શક્યભેદમાં શો ફેર?

ક્રિયાનાથ.

૨૫ ક્રિયાપદને જેના પ્રમાણે જાતિ, વચન, અને પુરૂષ લાગે છે તેને ક્રિયાનાથ કહેછે. જેમકે મગન ચોપડી વાંચતો. એમાં મગન; છગને હિસાબ ગણ્યા. એમાં હિસાબ; હું પાઠ વાંચુછું. એમાં હું.

૨૬ કોઈ વાક્યમાં કર્ત્તા, કોઇમાં કર્મ અને કોઇમાં ક્રિયાનો ભાવ ક્રિયાનાથ હોયછે. જેમકે મોહન ચોપડી વાંચતો એમાં કર્ત્તા, છગને ચોપડી લખી એમાં કર્મ, અને લવજીથી અવાયું એમાં ભાવ ક્રિયાનાથ છે.

૨૭ જ્યારે કર્ત્તા અને કર્મ બને એકજ જાતિ વચનનાં હોયછે ત્યાર ક્રિયાનાથ ઓળખવો જરા મુસ્કેલ પડેછે. એવે વખતે કર્ત્તાને ફેરવી જોવો. જો ક્રિયાપદ પણ ફરે તો કર્ત્તા ક્રિયાનાથ જાણવો. જેમકે ગંગા ચોપડી વાંચતી. એમાં ગંગાને ઠેકાણે મોહન મૂકીએ તો ક્રિયાપદ ફરે, માટે કર્ત્તા ક્રિયાનાથ છે. પણ ગંગાએ ચોપડી વાંચી એમાં ગંગાને ઠેકાણે મોહન મૂકીએ તો ક્રિયાપદ ફરે નહિ, માટે કર્ત્તા ક્રિયાનાથ નથી. અને ચોપડીને ઠેકાણે ચોપડો મૂકીએ તો ક્રિયાપદ ફરે માટે કર્મ ક્રિયાનાથ છે.

૨૮ એક વાક્યને છેડે બે કે વધારે ક્રિયાપદો આવેછે ત્યારે તે સઘળાં ક્રિયાપદોનો ક્રિયાનાથ એકજ હોયછે. આ નિયમ યાદ રાખવાથી પણ કેટલીકવાર ક્રિયાનાથ ઓળખવામાં સુગમતા થાયછે. જે-

મકે ગંગા પાઠ વાંચતી નથી. એમાં ગંગા, અને ગંગાએ પાઠ વાંચ્યો હશે. એમાં પાઠ ક્રિયાનાથછે.

૨૯ જ્યારે ઉપરની રીતોથી ક્રિયાનાથ ન ઓળખી શકાય ત્યારે નીચેના નિયમો યાદ રાખ્યાથી ક્રિયાનાથ ઓળખી શકાશે.

अ. જ્યારે કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય ત્યારે કર્ત્તા ક્રિયાનાથ થાય. જેમકે મગન ચોપડી વાંચશે.

ब. જો સકર્મક ક્રિયાપદનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય તો કર્મ ક્રિયાનાથ થાય. જેમકે ગગાએ ચોપડી વાંચી.

क. જો અકર્મક ક્રિયાપદનો કર્તા ત્રીજી વિભક્તિમાં હોય તો ભાવ ક્રિયાનાથ થાય. જેમકે લવજીએ આવવું.

ड. જ્યારે કર્ત્તા ભાવ હોય ત્યારે ભાવ ક્રિયાનાથ થાય.

સૂચના—હવેથી ક્રિયાપદનું વ્યાકરણ કરતી વખતે નીચેની બાબતો કહેવી.

કર્તા, કર્મ, કેવું ક્રિયાપદ, ધાતુ, ભેદ, ક્રિયાનાથ, પુરુષ, જાતિ, વચન. જેમકે છગન ચોપડી વાંચશે. એમાં વાંચશે—કર્તા છગન, કર્મ ચોપડી સકર્મક ક્રિયાપદ, વાંચ ધાતુ, મૂળભેદ, ક્રિયાનાથ છગન માટે ત્રીજો પુરૂષ નરજાતિ એકવચન.

૩૦ જ્યારે ક્રિયાનાથ સર્વનામ હોય ત્યારે તેના પુરૂષ પ્રમાણે ક્રિયાપદને પુરૂષ કહેવો. જેમકે હું ચોપડી વાંચુછું (પે. પુ.) તમે આવજો (બી. પુ.) જ્યારે નામ ક્રિયાનાથ હોય ત્યારે ત્રીજો પુરૂષ કહેવો. કેમકે સઘળાં નામ ત્રીજા પુરૂષમાંજ છે. જેમકે મગન આવેછે (ત્રી.પુ.).

૩૧ જ્યારે એકથી વધારે ક્રિયાનાથ હોય અને તે જુદા જુદા પુરૂષ હોય, ત્યારે જો તેમાં પહેલો પુરૂષ હોય તો ક્રિયાપદને પે. પુ. કહેવો. અને બીજો ને ત્રીજો પુરૂષજ હોય તો બી. પુ. કહેવો. જેમકે હું ને તું જાઇશું (પે. પુ.) તું ને તે આવજો. (બી. પુ.)

૩૨ જ્યારે એકથી વધારે ક્રિયાનાથ હોય અને તે જુદી જુદી જાતિના હોય, ત્યારે ક્રિયાપદને નાન્યતર જાતિનું બહુવચન કહેવું. જેમકે મગન અને ગંગા આવ્યાં.

સવાલ.

૧ ક્રિયાનાથ એટલે શું ?

૨ ક્રિયાનાથે કોણ કોણ હોઈ શકે ?

૩ કર્તા અને ક્રિયાનાથનો મુકાબલો કરો.

૪ કર્મ અને ક્રિયાનાથનો મુકાબલો કરો.

૫ ક્રિયાનાથ ઓળખવાની જે જે રીતો હોય તે દાખલા સાથે લખો.

૬ જ્યારે નામ ક્રિયાનાથ હોય ત્યારે ક્રિયાપદને કયો પુરૂષ કહેવો ?

૭ ક્રિયાનાથ જુદા જુદા પુરૂષ સર્વનામ હોય ત્યારે ક્રિયાપદના વ્યાકરણમા શી વાત ધ્યાનમાં રાખવી ?

૮ ક્રિયાનાથ જુદી જુદી જાતિના હોય ત્યારે ક્રિયાપદના વ્યાકરણમાં શી વાત ધ્યાનમાં રાખવી ?

૯ મગન ગાડી **હાંકતો.** મગને ગાડી **હાંકી.** શેઠ ઘોડો **દોડાવતા.** મગને પાઠ **વાંચ્યા.** ગંગા ચોપડી **વાંચતી.** મગનલાલે ઘોડો **દોડાવ્યો.** લવજી ચોપડી લાવ્યો **નથી.** લવજીએ ચોપડી વાંચી **હશે.** હું ને તમે **જઇએ** હું ને તે **જઇશું** તું ને મગન **જજો** બેસ અને પાકું **દોડશે.** ગાયો ભેંસો ને બકરા **આવેછે.** એનું પદચ્છેદ કરો.

પ્રયોગ.

૩૩ તમે પાછળ શીખી ગયા કે ક્રિયાપદ કોઈવાર કર્ત્તા પ્રમાણે કોઈ વાર કર્મ પ્રમાણે અને કોઈવાર ભાવ પ્રમાણે જાતિ વચનમાં મળતાં આવેછે તેથી પ્રયોગ (મળતા આવવું, જોડાવું.) ત્રણ થયા. ૧ કર્તરિ ૨ કર્મણિ ૩ ભાવે.

જ્યારે કર્ત્તા ક્રિયાનાથ હોય ત્યારે કર્તરિ પ્રયોગ થાય. જેમકે હું બોલુંછું, મગન લખતો, છોકરાં ભણતાં વગેરે.

જ્યારે કર્મ ક્રિયાનાથ હોય ત્યારે કર્મણિ પ્રયોગ થાય. જેમકે મેં ચોપડી વાંચી. ગંગાએ કાગળ લખ્યો વગેરે.

જ્યારે કર્ત્તા કે કર્મ ક્રિયાનાથ ન હોય અને ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ હોય, ત્યારે ભાવે પ્રયોગ થાય. જેમકે લવજીએ આવવું મારાથી બેસાયું. પેટમાં દુઃખેછે.

૩૪ સકર્મક ક્રિયાપદ કર્તરિ અને કર્મણિ પ્રયોગમાં આવેછે, ભાવે પ્રયોગમાં આવતું નથી.

અકર્મક ક્રિયાપદ કર્તરિ અને ભાવે પ્રયોગમાં આવેછે. કર્મણિ પ્રયોગમાં આવતું નથી, કેમકે તેમાં કર્મ હોતુંજ નથી.

૩૫ સકર્મક ક્રિયાપદમાં કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય તો કર્તરિ અને ત્રીજી વિભક્તિમાં હોય તો કર્મણિ પ્રયોગ થાયછે. જેમકે ગંગા લોટો લાવી (કર્તરિ.) ગંગાએ પાઠ વાંચ્યો (કર્મણિ.)

સકર્મક ક્રિયાપદ મૂળભેદમાં હોય ત્યારે વિધ્યર્થ વર્ત્તમાનકાળ અને ભૂતકાળ સિવાય બાકીના પાંચ કાળમાં કર્ત્તરિ પ્રયોગ થાય. જેમકે—હું ચોપડી વેચુંછું. ગંગા ચોપડી વેચતી, મગન ચોપડી વેચશે વગેરે.

વિધિવર્ત્તમાન કાળમાં હોય ત્યારે કર્મણિ પ્રયોગ થાય. જેમકે લવજીએ લખવું અને મહાશંકરે રાંધી દેવું.

ભૂતકાળમાં હોય ત્યારે કર્મણિ પ્રયોગ થાય. જેમકે લવજીએ ચોપડી વેચી, છગને ગોળ આણ્યો વગેરે. પરંતુ કોઇવાર સકર્મક ક્રિયાપદ ભૂતકાળમાં કર્ત્તરિ પ્રયોગ થાયછે. જેમકે મગન રોટલી જમ્યો, ગંગા હિસાબ ભૂલી. આ પ્રમાણે ભૂતકાળે કર્ત્તરિ પ્રયોગમાં આવે એવા ધાતુઓ અડ, અડક, ચુક, જમ, પામ, બોલ, લાવ, વળગ, શીખ, સમજ.

કેટલાંક સકર્મક ક્રિયાપદ ભૂતકાળમાં કોઇ વખત કર્ત્તરિ અને કોઇ વખત

કર્મણિ પ્રયોગ થાય છે જેમકે ગંગાને સાપ કરડયો (કર્ત્તરિ.) સાપે ગંગાને કરડી (કર્મણિ.) આ પ્રમાણે ભૂતકાળે બંને પ્રયોગમાં આવે એવાં ધાતુઓ ઓચર, કરડ, જણ, જીત, ડસ, તજ, પરણ, ભાગ, ભૂલ, રમ, વિસર, શીખ, હાર.

સકર્મક ક્રિયાપદ શક્યભેદમાં જાય ત્યારે અકર્મક થઈ જાયછે એ વાત આવી ગઈ માટે એવાં ક્રિયાપદ તો કર્ત્તરિ પ્રયોગમાં આવે.

૩૬ અકર્મક ક્રિયાપદનો કર્તા પહેલી વિભક્તિમાં હોય તો કર્તરિ પ્રયોગ થાય, અને ત્રીજી વિભક્તિમાં હોય તો ભાવે પ્રયોગ થાય જેમકે લવજી બેઠો (કર્તરિ) લવજીએ બેસવું (ભાવે.)

અકર્મક ક્રિયાપદ મૂળભેદમા વિધિ વર્તમાનકાળ સિવાય બીજા બધા કાળમાં કર્ત્તરિ પ્રયોગ થાયછે. જેમકે. લવજી બેસશે, મોહન આવેછે વગેરે. વિધિ વર્ત્તમાનકાળમાં ભાવે પ્રયોગ થાય. જેમકે મગને બેસવું.

અકર્મક ક્રિયાપદ શક્યભેદમાં ગએલું હોય એટલે ભાવવાચ્ય ક્રિયા પદ હોય તો ભાવે પ્રયોગ થાય છે. જેમકે મગનથી અવાયું, લવજી થી બેસાયું વગેરે.

ભાવકર્તૃક ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવેછે. જેમકે પેટમાં દુઃખે છે. મને ગમેછે.

સવાલ.

૧ પ્રયોગ એટલે શું?

૨ પ્રયોગ કેટલા છે? તેનાં નામ અને અને વ્યાખ્યા આપો.

૩ કર્મણિપ્રયોગ અને કર્મણિવાચ્યનો મુકાબલો કરો.

૪ ભાવે પ્રયોગ અને ભાવવાચ્યનો મુકાબલો કરો.

૫ સકર્મક ક્રિયાપદ ક્યા ક્યા પ્રયોગમાં આવે? અને અકર્મક ક્રિયાપદ ક્યા ક્યા પ્રયોગમાં આવે?

૬ અકર્મક કર્મણિ અને સકર્મક ભાવે પ્રયોગ થાય એવો દાખલો આપો.

૭ સકર્મક ક્રિયાપદ ક્યારે ક્યારે કર્તરિ પ્રયોગ થાય ?

૮ અકર્મક ક્રિયાપદ ક્યારે ક્યારે કર્તરિ પ્રયોગ થાય ?

૯ સકર્મક ક્રિયાપદ ક્યારે ક્યારે કર્મણિ પ્રયોગ થાય ?

૧૦ અકર્મક ક્રિયાપદ ક્યારે ક્યારે ભાવે પ્રયોગ થાય ?

૧૧ ભાવે પ્રયોગ હોય ત્યારે ક્રિયાપદના વ્યાકરણમાં શી વાત ધ્યાનમાં રાખવી ?

૧૨ એવા ધાતુઓ આવો કે જે ભૂતકાળમાં કર્તરિ પ્રયોગ થાય.

૧૩ એવા ધાતુઓ આપો કે જે ભૂતકાળમાં કર્તરિ ને કર્મણિ બંને પ્રયોગમાં આવે.

કાળ.

૩૭ કાળ એટલે વખત. ક્રિયા બનવાના વખતને ક્રિયાપદનો કાળ કહેછે. વખતના સ્વભાવિક ભાગ ત્રણછે ગયો વખત, ચાલતો વખત, હવે પછી આવવાનો વખત. તેથી કરીને ક્રિયાપદના કાળ પણ ત્રણછે. ૧ વર્ત્તમાનકાળ. ૨ ભૂતકાળ ૩ ભવિષ્યકાળ.

૩૮ જે ક્રિયાપદ ચાલતો વખત બતાવે તે વર્તમાનકાળ. જેમકે હું ચોપડી લખુંછું.

જે ક્રિયાપદ ગયો વખત બતાવે તે ભૂતકાળ. જેમકે મેં ચોપડી લખી. જે ક્રિયાપદ હવે પછી આવવાનો વખત બતાવે તે ભવિષ્ય કાળ. જેમકે હું ચોપડી લખીશ.

૩૯ ઉપર કહેલા ત્રણ કાળમાં વપરાતાં રૂપ.

વર્ત્તમાન કાળ.

	એકવચન.	બહુવચન.
પે. પુ.	હું લખુંછું.	અમે લખીએ છીએ.
બી. પુ.	તું લખેછે, લખુંછું.	તમે લખોછો.
ત્રી. પુ.	તે લખેછે.	તેઓ લખેછે.

ભૂતકાળ.

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	લખ્યો.	લખ્યા.
નારીજાતિ	લખી.	લખી.
નાન્યતરજાતિ	લખ્યું.	લખ્યાં.

ભવિષ્ય કાળ.

	એકવચન.	બહુવચન.
પે. પુ.	હું લખીશ.	અમે લખીશું
બી. પુ.	તું લખશે. લખીશ. લખજે.	તમે લખશો, લખજો.
ત્રી. પુ.	તે લખશે.	તેઓ લખશે.

કર, જમ, રમ, દોડ, આવ. એ ધાતુઓનાં ત્રણ કાળમાં રૂપ કરતાં શીખવું.

૪૦ વર્ત્તમાન કાળના ત્રણ ભાગછે. ૧ વર્ત્તમાન. ૨ અનિયમિત વર્ત્તમાન ૩ વિધિવર્ત્તમાન ક્રિયા ચાલતી હોય તે શુદ્ધ વર્ત્તમાન કાળ કહેવાય છે જેમકે હું ચોપડી લખુંછું.

ક્રિયા કરવાની રજા માગવામાં કે હુકમ કરવામાં વપરાય તે અનિયમિત વર્ત્તમાન કાળ કહેવાય છે. હું ચોપડી લખું? તું પાઠ વાંચ.

ક્રિયા કરવાની રીત બતાવનાર કાળને વિધિવર્ત્તમાન કાળ કહેછે. જેમકે કલમ આમ થોભવી. આ કાળમાં કોઇવાર હુકમ કરવામાં આવેછે. જેમકે ઘેર પાઠ વાંચવા. તોફાન ન કરવું.

૪૧ લખ ધાતુનાં આ ત્રણ કાળમાં રૂપાખ્યાન.

વર્ત્તમાન કાળનાં રૂપ પાછળ આવી ગયાં.

અનિયમિત વર્ત્તમાન કાળ.

	એકવચન.	બહુવચન.
પે. પુ.	હું લખું.	અમે લખીએ.

બી. પુ.	તું લખે, લખુ. લખ.	તમે લખો.
ત્રી. પુ.	તે લખે.	તેઓ લખે.

વિધિ વર્ત્તમાન કાળ.

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	લખવો.	લખવા
નારીજાતિ	લખવી.	લખવી.
નાન્યતરજાતિ.	લખવું.	લખવાં.

કર, જમ, રમ, દોડ, આવ એ ધાતુઓનાં વર્ત્તમાન, અનિયમિત વર્ત્તમાન, વિધિવર્ત્તમાન, ભૂત અને ભવિષ્યકાળમાં રૂપ કરતાં શીખવું.

૪૨ ભૂતકાળના ત્રણ ભાગછે ૧ ભૂતકાળ ૨ અનિયમિત ભૂતકાળ ૩ સંકેત ભૂતકાળ.

ક્રિયા થઈ ગઈ હોય તો શુદ્ધ ભૂતકાળ કહેવાયછે. જેમકે મેં પાઠ વાંચ્યો. ક્રિયા ગયા વખતમાં ચાલતી હતી એમ બતાવનાર કાળને અનિયમિત ભૂતકાળ કહેછે. જેમકે હું આ નિશાળમાં ભણતો.

ગયા વખતમાં કરવાની ક્રિયાનો વિચાર બીજાના ઉપર આધાર રાખતો હોય તેવા કાળને સંકેતભૂતકાળ કહેછે. જેમકે તમે આવત તો હું જાત. નાનપણમાં ભણ્યા હોત, તો આજ દુઃખી ન થાત.

૪૩ લખ ધાતુનાં આ ત્રણ કાળમાં રૂપાખ્યાન.

ભૂતકાળનાં રૂપ પાછળ આવી ગયાં.

અનિયમિત ભૂતકાળ.

	એકવચન.	બહુવચન.
નરજાતિ	લખતો.	લખતા.
નારીજાતિ	લખતી.	લખતી.
નાન્યતરજાતિ	લખતું.	લખતાં.

સંકેત ભૂતકાળ

એકવચન.	બહુવચન.
પે. પુ. લખત.	લખત.
બી. પુ. લખત.	લખત.
ત્રી. પુ. લખત.	લખત.

સંકેત ભૂતકાળનાં રૂપ પુરૂષ, જાતિ, કે વચન પ્રમાણે ફરતાં નથી લખતએ એકજ રૂપ બધે ઠેકાણે ચાલેછે, પણ વ્યાકરણમાં પુરૂષ પ્રમાણે રૂપ ગણ્યાં છે.

૪૪ ભવિષ્યકાળના ભાગ નથી. કેમકે તે હવે પછી આવવાનો અજાણ્યો વખત બતાવેછે. તે કાળનાં રૂપ પાછળ આવી ગયાં.

ફર, જમ, રમ, દોડ આવ, એ ધાતુઓનાં વર્ત્તમાન, અનિયમિત વર્ત્તમાન, વિધિવર્ત્તમાન, ભૂત, અનિયમિતભૂત, સંકેતભૂત અને ભવિષ્યકાળમાં રૂપ કરતાં શીખવું.

૪૫ તમે સાતે કાળનાં રૂપ કરતાં શીખ્યા તેથી જણાયું હશે કે કેટલાક કાળમાં જાતિ વચન પ્રમાણે રૂપ ફરેછે અને કેટલાકમાં પુરૂષ, વચન પ્રમાણે ફરેછે.

જે કાળનાં રૂપ પુરૂષ પ્રમાણે ફરેછે તેને પુરૂષ દર્શક કાળ કહે છે.વર્ત્તમાન, અનિયમિત વર્ત્તમાન અને ભવિષ્યકાળ. એ પુરૂષ દર્શકછે જે કાળનાં રૂપ જાતિ પ્રમાણે ફરેછે તેને જાતિદર્શકકાળ કહેછે. વિધિવર્ત્તમાન, ભૂત, અનિયમિતભૂતકાળ એજાતિ દર્શક છે.

સંકેત ભૂતકાળનાં રૂપ પુરૂપ કે જાતિ એકેની પેઠેફરતાં નથી પણ વ્યાકરણમાં તેને પુરૂપ દર્શકના વર્ગમાં ગણ્યો છે. તેથી ચારકાળ પુરૂષ દર્શક અને ત્રણ જાતિ દર્શક થયા.

૪૬ લખ ધાતુનાં શકયભેદમાં સાતેકાળનાં રૂપ.

વર્ત્તમાન કાળ.

એકવચન.	બહુવચન.
૫. પુ. હું લખાઉછું.	અમે લખાઇએ છીએ.
બી. પુ. તું લખાયછે.	તમે લખાઓ છો.
ત્રી. પુ. તે લખાયછે.	તેઓ લખાયછે.

અનિયમિત વર્ત્તમાન કાળ.

પે. પુ. હું લખાઉં.	અમે લખાઇએ.
બી. પુ. તું લખાય.	તમે લખાઓ
ત્રી. પુ. તે લખાય.	તેઓ લખાય.

વિધિ વર્ત્તમાન કાળ.

નરજાતિ લખાવો.	લખાવા.
નારીજાતિ લખાવી.	લખાવી.
નાન્યતરજાતિ લખાવું.	લખાવાં.

ભૂતકાળ.

નરજાતિ લખાયો, લખાણો.	લખાયા, લખાણા
નારીજાતિ લખાઈ, લખાણી.	લખાઈ, લખાણી.
નાન્યતરજાતિ લખાયું લખાણું.	લખાયાં, લખાણાં.

અનિયમિત ભૂતકાળ.

નરજાતિ લખાતો.	લખાતા.
નારીજાતિ લખાતી.	લખાતી.
નાન્યરજાતિ લખાતું.	લખાતાં.

સંકેત ભૂતકાળ.

પે. પુ.	લખાત.	લખાત.
બી. પુ.	લખાત.	લખાત.
ત્રી પુ.	લખાત.	લખાત.

ભવિષ્ય કાળ.

પે. પુ. હું લખાઇશ. અમે લખાઇશું.
બી. પુ- તું લખાઇશ, લખાશે, લખાજે- તમે લખાશો, લખાજો.
ત્રી પુ. તે લખાશે. તેઓ લખાશે.

ઉપર પ્રમાણે કર, જમ, રમ એ ધાતુઓના શક્યભેદમાં સાતે કાળમાં રૂપ કરતાં શીખવું.

૪૭ તમે પાછળ શીખી ગયા કે અકર્મક ક્રિયાપદ શક્યભેદમાં આવે ત્યારે ભાવવાચ્ય કહેવાયછે. તે ભાવે પ્રયોગમાંજ આવે છે. અને તેનું વ્યાકરણ ત્રી. પુ. નાન્યતરજાતિ, એકવચનજ હોયછે. માટે અકર્મક ધાતુઓના શક્યભેદનાં રૂપ ત્રી. પુ. નાન્યતરજાતિ, એકવચનમાંજ થાયછે.

આવ ધાતુ.

વર્ત્તમાનકાળ ત્રી. પુ. એકવચન અવાયછે.
અનિયમિત વર્ત્તમાનકાળ ત્રી. પુ. એ. વ. અવાય.
વિધિ વર્ત્તમાનકાળ નાન્ય. જા. એકવચન. અવાવું
ભૂતકાળ. નાન્ય. જા. એકવચન અવાયું, અવાણું
અનિયમિત ભૂતકાળ નાન્ય. જા. એકવચન. અવાતું
સંકેત ભૂતકાળ. ત્રી. પુ. એકવચન. અવાત.
ભવિષ્યકાળ. ત્રી. પુ. એકવચન અવાશે.

ઉપર પ્રમાણે દોડ, બેસ, ઊંઘ એ ધાતુઓના શક્યભેદમાં સાતે કાળમાં રૂપ કરતાં શીખવું.

સવાલ.

૧ મુખ્યકાળ કેટલાછે? તેનાં નામ અને વ્યાખ્યા આપો.
૨ વર્ત્તમાન કાળના કેટલા ભાગછે? તેનાં નામ અને વ્યાખ્યા આપો.
૩ ભૂતકાળના કેટલા ભાગછે? તેનાં નામ અને વ્યાખ્યા આપો.

૪ ભવિષ્યકાળના ભાગ કેમ નહિ હોય ?

૫ બધા મળીને કેટલા કાળ છે તેનાં નામ અને વ્યાખ્યા આપો.

૬ પુરૂષદર્શક કાળ એટલે શું? અને તે કયા કયા?

૭ જાતિદર્શકકાળ એટલે શું ? અને તે કયા કયા

૮ કયો કાળ અવિકારી છે?

૯ વાંચ, ઉઠ ધાતુના અનેભેદમાં સાતે કાળમાં રૂપાખ્યાન કરો.

૧૦ ધાતુ પોતે કયો કાળ કહેવાય ?

૪૮ કાળના પ્રત્યય.

વર્ત્તમાન કાળ.

	એકવચન.	બહુવચન.
પે. પુ.	ઊં છું. ઉંછઊ.	ઇએ છીએ.
બી. પુ.	એછે, ઊં છું.	ઓછો.
ત્રી. પુ.	એ છે.	એ છે.

ધાતુમાં છેડે અ હોય તો તે જતો રહીને પ્રત્યયો લાગેછે લખનાંરૂપ

ધાતુને છેડે આ હોયતો 'એ છે ને બદલે ય છે પ્રત્યય લાગે છે, ખા ધાતુનાં રૂપ.

ધાતુને છેડે ઇ હોયતો પે. પુ. બહુવચનના પ્રત્યયનો પહેલો ઇ તેની સામે મળી જાયછે જુદો રહેતો નથી. પી ધાતુનાં રૂપ.

ધાતુને છેડે ઉ હોય તો બીજા અને ત્રીજા પુરૂષના બંને વચનમાં આવે ઠેકાણે વ પણ થઈ જાયછે. સુ ધાતુનાં રૂપ.

ધાતુનેછેડે એ હોય તો તે જતો રહી અ વાળા ધાતુનાં જેવાંજ રૂપ થાયછે. લે ધાતુનાં રૂપ.

ધાતુને છેડે ઓ હોય તો એ છે ને બદલે યછે પ્રત્યય વપરાયછે ને ઓ-ઓ પ્રત્યયમાંનો પહેલો ઓ જતો રહેછે. હો ધાતુનાં રૂપ. જો ધાતુનાંરૂપમાં જુએછે, જુઓછો એવાં રૂપ થાયછે.

અનિયમિત વર્તમાન કાળ.

એકવચન.	બહુવચન.
પે. પુ. ઉં.	ઈએ.
બી. પુ. એ.	ઓ.
ત્રી. પુ. એ.	એ.

કોઈ પણ ધાતુના વર્તમાન કાળનાં રૂપમાંથી છ ધાતુનું રૂપ કાઢી નાંખી એ તો અનિયમિત વર્તમાન કાળનું રૂપ રહેછે, તેથી પ્રત્યય લગાડતાં કેવા કેવા ફેરફાર થાયછે તે અહીં લખ્યા નથી. પાછળ વર્તમાનકાળમાં લખેલી ટીકા અહીં પણ લાગુ પડેછે.

વિધિ વર્તમાન કાળ.

એકવચન.	બહુવચન.
નરજાતિ વો.	વા.
નારીજાતિ વી.	વી.
નાન્યતરજાતિ. વું.	વાં.

ગમે તે ધાતુનું વિધિ વર્તમાન કાળનું રૂપ ઉપરનાં પ્રત્યય લગાડવાથી થાયછે. કાંઇ ફેરફાર કરવો પડતો નથી.

ભુતકાળ.

એકવચન.	બહુવચન.
નરજાતિ યો	યા.
નારીજાતિ યી	યી.
નાન્યતરજાતિ યું	યાં.

ભૂતકાળના સાધારણ પ્રત્યય ઉપર લખ્યા તે છે, પણ કેટલાક ધાતુનાં ભૂતકાળનાં રૂપ બીજી રીતે થાયછે. તે નીચે લખ્યાંછે.

હો.	હોતો હતો.	પેસ.	પેઠો.
સુ	સુતો.	સંતા.	સંતાયો, સંતાણો
ખા	ખાધો	જા,	ગયો

પી.	પીધો.	કર	કર્યો, કીધો
લે.	લીધો	મર	મર્યો, મુઓ.
દે.	દીધો	કહે.	કહ્યો. કીધો
બી	બીધો, બીનો.	ઉપજ	ઉપજ્યો, ઉપન્યો.
દેખ	દીઠો	નીપજ	નીપજ્યો નીપન્યો.
નાસ	નાઠો		
બેસ	બેઠો.		

અનિયમિત ભૂતકાળ.

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	તો.	તા.
નારીજાતિ	તી.	તી.
નાન્યતરજાતિ	તું.	તાં.

ઉપરના પ્રત્યય ગમે તે ધાતુને ફેરફાર કર્યા વગર લગાડયાથી અનિયમિત ભૂતકાળનાં રૂપ થાય છે.

હો ધાતુનાં અનિયમિત ભૂતકાળમાં રૂપ થતાંજ નથી.

સંકેત ભૂતકાળ.

	એકવચન	બહુવચન
પે. પુ.	ત.	ત.
બી. પુ.	ત.	ત.
ત્રી. પુ.	ત.	ત.

ભવિષ્યકાળ.

	એકવચન	બહુવચન
પે. પુ.	ઇશ.	ઇશું.
બી. પુ.	ઇશ. શે. જે.	શો. જો.
ત્રી. પુ.	શે.	શે.

જે ધાતુને છેડે ઈ હોય તેને ઈશ, ઇશું પ્રત્યય લગાડતાં પ્રત્યયમાંનો

પહેલો ઈ ધાતુની સાથે મળી જાય છે. પી ધાતુનાં રૂપ.

જે ધાતુને છેડે એ હોય તેને ઇશ, ઇશું પ્રત્યય લગાડતાં એ જ-તો રહે છે. લે ધાતુનાં રૂપ.

૪૯. કેટલીકવાર અર્થ ઉપરથી અને પ્રત્યય ઉપરથી જોતાં જુદા જુદા કાળ માલમ પડે છે. આવે વખતે અર્થ ઉપર આધાર ન રાખતાં પ્રત્યય ઉપર આધાર રાખી કાળ કહેવો. જેમકે તમે જાઓ હું આ **આવ્યો** એમાં ખરેખરી રીતે અર્થ ભવિષ્ય કાળનો છે, ને પ્રત્યય ભૂતકાળનો છે માટે ભૂતકાળ કહેવો.

૫૦. છે વર્તમાન કાળનો પ્રત્યય છે અને જુદું ક્રિયાપદ પણ છે. માટે યાદ રાખવું કે જ્યારે અનિયમિત વર્તમાન કાળ પછી **છે** આવે ત્યારે તેનું ભેગું વ્યાકરણ કરવું અને બીજા કોઈ કાળ **પછી** આવે ત્યારે છેનું વ્યાકરણ જુદું કરવું. જેમકે. મોહન જમે છે. એમાં જમે છે ક્રિયાપદ. મહારાજા સાહેબ પધાર્યા છે. એમાં **પધાર્યા** અને છે એ બંને જુદા શબ્દ ગણી વ્યાકરણ કરવું.

સવાલ.

૧ સાતે કાળના પ્રત્યય લખો.

૨ વર્તમાન કાળના પ્રત્યય લગાડતાં મૂળ ધાતુમાં કાંઇ ફેરફાર કરવો પડતો હોય તો તે ગણાવો, અને તે ધાતુનાં રૂપ લખો.

૩ અનિયમિત વર્તમાનકાળના ,,

૪ વિધિ વર્તમાનકાળના ,,

૫ ભૂતકાળના ,,

૬ અનિયમિત ભૂતકાળના ,,

૭ સંકેત ભૂતકાળના ,,

૮ ભવિષ્ય કાળના ,,

૯ ક્રિયાપદનો કાળ કહેવામાં રૂપ ઉપર આધાર રાખવો કે

અર્થ ઉપર? તે દાખલો આપી સમજાવો.

૧૦ છે એવું વ્યાકરણ ભેગું ક્યારે કરવું ? અને જૂદું ક્રિયાપદ ક્યારે કરવું ?

૫૧. ધાતુને ભેદ, કાળ, પુરૂપ, જાતિ, વચનના પ્રત્યય લગાડવાથી તેનાં જુદાં જુદાં રૂપ થાય છે તેને ક્રિયાપદનાં રૂપાખ્યાન કહે છે. પાછળ શીખી ગયા પ્રમાણે લખ, આવ, ચાલ, વાંચ, વંચાવ, જમ, રમ એ ધાતુના બંને ભેદમાં ને સાતે કાળમાં રૂપ કરો.

૫૨. જે ધાતુનાં બધા કાળમાં રૂપ થતાં નથી તે અપૂર્ણ ધાતુ કહેવાય છે, જેમકે છ, નથી, હો, ઉભો, જોઈએ.

છ ધાતુનાં રૂપાખ્યાન.

મૂળભેદ.

વર્તમાનકાળ.

	એકવચન.	બહુવચન.
પે. પુ.	હું છું, છઉ.	અમે છીએ.
બી. પુ.	તું છે.	તમે છો.
ત્રી. પુ.	તે છે.	તેઓ છે.

છ ધાતુનાં બીજા કાળમાં રૂપ થતાં નથી.

છ ધાતુનાં શક્યભેદમાં રૂપ થતાં નથી.

૫૩. નથી.

સઘળાં ક્રિયાપદનું અવળું રૂપ તેની સાથે ન, ના, નહિ નવમાં એવા નકાર બતાવનાર અવ્યય લગાડવાથી થાય છે. જેમકે કર એનું ઉલટું ન કર, બેસથી ઉલટું ના બેસ, ખાઇશથી ઉલટું ખાઇશ નહિ, જાથી ઉલટુ જામાં આવે વખતે ન, ના, નહિ, માં વગેરે શબ્દો જુદા પાડી તેનું વ્યાકરણ અવ્યય કરવામાં આવે છે.

છેથી ઉલટું છે નહિ. એમ બોલાતુ નથી પણ નથી એમ બો-

થાય છે, એમાં અવ્યય જૂદો પડતો નથી, માટે ભેગુંજ વ્યાકરણ થાય છે. નથી ક્રિયાપદ ત્રણે પુરૂષ, ત્રણે જાતિ, બંને વચનમાં એને એ રૂપે વપરાય છે. જેમકે. હું નથી, તું નથી, છોકરો નથી, છોડી નથી, છોકરૂં નથી, ચોપડી નથી.

નથી એ છ ધાતુથી ઉલટું છે માટે છ ધાતુનું અકર્ણરૂપ કહેવું.

૫૪ હો ધાતુ

મૂળભેદ.

વર્ત્તમાનકાળ.

	એકવચન.	બહુવચન.
પ. પુ.	હું હોઉં છું.	અમે હોઈએ છીએ.
બી. પુ.	તું હોય છે.	તમે હો છો.
ત્રી. પુ.	તે હોય છે.	તેઓ હોય છે.

અનિયમિત વર્ત્તમાનકાળ.

પ. પુ.	હું હોઉં.	અમે હોઇએ.
બી. પુ.	તું હોય.	તમે હો.
ત્રી. પુ.	તે હોય.	તેઓ હોય.

વિધિ વર્ત્તમાનકાળ.

નરજાતિ.	હોવો.	હોવા.
નારીજાતિ.	હોવી.	હોવી.
નાન્યતરજાતિ.	હોવું.	હોવાં.

ભૂતકાળ.

નરજાતિ.	હતો.	હતા.
નારીજાતિ.	હતી.	હતી.
નાન્યતરજાતિ.	હતું.	હતાં.

કવિતામાં અને શાસ્ત્રીઓના બોલવામાં ઘણી વખત હવો, હ-

વા, હવી, હવું, હવાં એવાં રૂપ થાય છે.

અનિયમિત ભૂતકાળ.

હો ધાતુનું અનિયમિત ભૂતકાળમાં રૂપ થાયજ નહિ.

સંકેત ભૂતકાળ.

પે. પુ.	હોત.	હોત.
બી. પુ.	હોત.	હોત.
ત્રી. પુ.	હોત.	હોત.

ભવિષ્યકાળ.

પે. પુ.	હું હોઇશ હઇશ.	અમે હોઇશું, હઇશું
બી. પુ.	તું હશે, હોશે.	તમે હશો, હજો, હોજો.
ત્રી. પુ.	તે હશે, હોશે.	તેઓ હશે, હોશે.

જોઇધાતુ,

એનાં રૂપ બધા પુરૂષમાં સરખા રહે છે.

વર્ત્તમાનકાળ. જોઇએ છીએ.

અનિયમિત વર્ત્તમાનકાળ. જોઇએ.

સંકેત ભૂતકાળ. જોત, જોઇએત.

ભવિષ્યકાળ. જોઇશે.

બીજા કાળમાં એનાં રૂપ થતાં નથી અનિયમિત ભૂતકાળમાં જોઇતો, જોઇતી, જોઇતું વગેરે રૂપ થાય છે પણ તે ઘણું કરીને કૃદંત તરિકે વપરાય છે.

૫૬. ## ઉભધાતુ.

એનાં ફક્ત ભૂતકાળમાં રૂપ થાય છે. બીજા કાળમાં થતાં નથી.

ભૂતકાળ.

નરજાતિ.	ઉભો.	ઉભા.

નારીજાતિ.	ઉભી.	ઉભી.
નાન્યતરજાતિ.	ઉભું.	ઉભાં.

સવાલ.

૧ મગને પાઠ વાંચ્યો નથી લવજી આવ્યો હતો એનું વ્યાકરણ કરો.

૨ અપૂર્ણ ધાતુ એટલે શું ? દાખલા આપો.

૩ છ, હો. જોઇ ધાતુના બધા કાળમાં રૂપ કરો.

૪ પ્રયોજ્ય, ભાવવાચ્ય, ઉભયવિધ, દ્વીકર્મી અપૂર્ણ એની વ્યાખ્યા આપો.

૫ ક્રિયાપદનાં રૂપાખ્યાન એટલે શું ?

કૃદંત.

૫૭ જે ક્રિયાપદોમાં નામ, વિશેષણ કે અવ્યયનો અર્થ હોય તેને કૃદંત કહે છે.

જે ક્રિયાપદ નામ તરિકે વપરાય તે કૃદંત નામ કહેવાય છે. જેમકે બોલવું, વાંચવું, લખવો, લખવી, લખવું.

જે ક્રિયાપદ વિશેષણ તરિકે વપરાય તેને કૃદંત વિશેષણ કહે છે. જેમકે લખેલો, લખેલી, લખેલું.

જે ક્રિયાપદ અવ્યય તરિકે વપરાય તેને કૃદંત અવ્યય કહે છે. જેમકે—બેસી, બેસીને.

કૃદંત નામ.

૫૮ ધાતુ ઉપર વો, વી, વું અને નાર, નારો, નારી, નારૂં, પ્રત્યય લગાડવાથી કૃદંત નામ બને છે. જેમકે. લખવો, લખવી, લખવું, લખનાર, લખનારો, લખનારી, લખનારૂં.

૫૯ કૃદંત નામને જાતિ, વિભક્તિને વચન લાગે છે. લખવું એ નાન્યતર જાતિ, લખવાથી એ પાંચમી વિભક્તિ, લખવા એ બહુ વચન.

૬૦ વો, વી, વું પ્રત્યયવાળાં કૃદંત નામ જ્યારે પહેલી વિભક્તિમાં હોય છે ત્યારે તેના ક્રિયાનાથ પ્રમાણે જાતિ વચન લાગે છે. જેમકે સાત ચોપડીઓ લખવી પડી. એમાં લખવી બહુવચન.

જ્યારે પહેલી સિવાય બીજી હરકોઈ વિભક્તિમાં હોય ત્યારે નાન્યતરજાતિના એકવચનમાં રહે છે. કેમકે કૃદંત નામમાં જે ક્રિયા છે, તે નાન્યતર જાતિના એકવચનમાં છે. જેમકે ચોપડી લખવામાં ઘણી મહેનત છે લખવામાં–કૃદંતનામ, નાન્યતરજાતિ, સાતમીના એકવચન.

૬૧ વો, વી, વું પ્રત્યયવાળાં કૃદંતનામને ઘણીવાર ચોથી વિભક્તિનો અધ્યાહાર હોય છે. જેમકે તે પાણી પીવા ગયો (પીવાને સારૂ.)

૬૨ કૃદંત નામનાં રૂપાખ્યાન.

લખવો.

૧ લખવો લખવા.

બાકીની વિભક્તિઓ લાગતી નથી.

લખવી.

૧ લખવી લખવી.

બાકીની વિભક્તિઓ લાગતી નથી.

લખવું.

૧ લખવું. લખવાં.

૨ બીજી વિભક્તિ લાગતી નથી.

૩ લખવે.

૪ લખવાને

૫ લખવાથી.

૬ લખવા નો, ની, નું, ના, નાં

૭ લખવામાં

ત્રીજીથી સાતમી સુધી બહુવચનનાં રૂપો થતાં નથી.

લખનાર, લખનારો, લખનારી, લખનારૂં એનાં સાતે વિભક્તિનાં ૩૫ નામની પેઠે કરવાં.

કૃદંત વિશેષણ.

૬૩ ધાતુ ઉપર એલ, એલો, એલી, એલું, યો, ઈ, યું, (ભૂતકાળના પ્રત્યય.) તો, તી, તુ (અનિયમિત ભૂતકાળના પ્રત્યય.) પ્રત્યયો લગાડવાથી કૃદત વિશેષણ થાય છે.

૬૪ ત, ઇત, પ્રત્યયવાળાં કૃદતોનું વ્યાકરણ કૃદંત વિશેષણ થાય છે. જેમકે ગત, દત્ત. મોહિત, ચકિત.

૬૫ નાર, નારો, નારી, નારૂં એ પ્રત્યયથી કૃદંતનામ અને કૃદંત વિશેષણ બને છે. જો તેની પછી વિશેષ્ય આવે તો કૃદંતવિશેષણ કહેવું, નહિ તો કૃદત નામ કહેવું. જેમકે આ દુનિઆનો બનાવનાર કોણ ? (કૃદત નામ.) આ ચોપડી છાપનાર માણસ ભલો છે (કૃદત વિશેષણ.)

૬૬ કૃદંત વિશેષણને તેના વિશેષ્ય પ્રમાણે જાતિ વચન લાગે છે, પણ વિભક્તિના છુટા પ્રત્યય લાગતા નથી. જ્યારે વિશેષ્ય વિના એકલું આવે છે ત્યારે વિભક્તિના પ્રત્યય લાગે છે. જેમકે છાપેલા કાગળમાં, સુતેલાને ન જગાડવો. સુતેલા સિંહને ન જગાડો.

૬૭ કૃદંત વિશેષણ નામના અર્થમાં આવે ત્યારે તેના ક્રિયાનાર્થ પ્રમાણે જાતિ વચન લાગતા નથી. એવે વખતે કૃદત નામની પેઠે નાન્યતરજાતિનું એકવચન કહેવું. જેમકે અભ્યાસમાં મહેનત કર્યાથી લાભ થશે. એમાં કર્યાથી–કૃદત વિશેષણ, નાન્યતરજાતિ, પાંચમીનું એકવચન.

૬૮ કૃદંત વિશેષણમાં ક્રિયાનો અર્થ ન જણાય તો તેને ફક્ત વિશેષણ કહેવું. જેમકે સુધરેલી (પ્રજા.) કરડકણો (કુતરો) મારકણો (સાંઢ).

કૃદંત અવ્યય.

૬૯ ધાતુ ઉપર ઈ, ઇને, તાં એ પ્રત્યયો લાગવાથી કૃદંત અવ્યય થાય છે. જેમકે કરી, કરીને, કરતાં.

૭૦ ઈ, યાં, તાં પ્રત્યયથી કૃદંત વિશેષણ અને કૃદંત અવ્યય થાય છે, જ્યારે તેના વિશેષ્ય પ્રમાણે ફરતું હોય ત્યારે કૃદંત વિશેષણ, અને ન ફરતુ હોય ત્યારે કૃદંત અવ્યય જાણવું.

કૃદંત વિશેષણ.	કૃદંત અવ્યય.
તેણે ચોપડી **લખી** હતી.	તે ચોપડી **લખી** રહ્યો.
છોકરાં **લખતાં** હતાં.	તને **લખતાં** આવડે છે.
આ પાનાં મગને **લખ્યાં** છે.	મગન આખો દહાડો **લખ્યાં** કરેછે.

૭૧ કરીને એનો અર્થ જ્યારે નામે અથવા વડે થાય, ત્યારે તેનું વ્યાકરણ શબ્દયોગી અવ્યય કરવું, નહિ તો કૃદંત અવ્યય કરવું. જેમકે—ઠાકોર **કરીને** છોકરો હશે (શબ્દયોગી અવ્યય.) છરીએ **કરીને** કપાયું (શ. અ.) કામ **કરીને** થાકી ગયો (કૃદંત અવ્યય.)

૭૨ કરતાં એને ઠેકાણે જ્યારે **થી** બોલી શકાય ત્યારે એનું વ્યાકરણ શબ્દયોગી અવ્યય કરવું. જેમકે—મગન **કરતાં** મોહન મોટોછે (શબ્દયોગી અવ્યય.) કોઇવાર કૃદંત વિશેષણ, ને કૃદત અવ્યય સાથ છે એ વિષે આગળ આવી ગયું.

ધાતુ ઉપરથી કૃદંત કરવા વિષે.

૭૩ મૂળધાતુ ઉપર કૃદંત નામ, કૃદંત વિશેષણ, ને કૃદંત અવ્યયના પ્રત્યય ઉમેરવાથી મૂળભેદનાં કૃદત બને છે. જેમકે. કરવો કરવી, કરવું, કરનાર, કરનારો, કરનારી, કરનારૂં, કરેલો, કરેલી, કરેલું, કર્યો, કરી, કર્યું, કરતો, કરતી, કરતું, કરી, કરીને, કરતાં.

૭૪ મૂળધાતુ મરડીને કૃદંત નામ, કૃદંત વિશેષણ, કૃદંત અવ્યયના પ્રત્યય લગાડવાથી શક્યભેદનાં કૃદંત બને છે. જેમકે કરાવો,

કરાવી, કરાવું, કરાનાર, કરાનારો, કરાનારી, કરાનારૂં, કરાએલો, કરાએલી, કરાએલું, કરાએલ, કરાયો, કરાઈ, કરાયું, કરાણો, કરાણી, કરાણું, કરાતો, કરાતી, કરાતું, કરાઈ.

૭૫ કેટલાક અપૂર્ણ ધાતુઓ છ ધાતુ ઉપરથી, છતો, છતી, છતું, છતા, છતાં.

હો ધાતુ ઉપરથી. હોવો, હોવી, હોવું, હોનારો, હોનારી, હોનારૂં, હોઈ, હોઈને, હોતાં.

જોઈ ધાતુ ઉપરથી. જોઈતો, જોઈતી, જોઈતું, જોઈતા જોઈતાં ઉભ ધાતુ ઉપરથી—ઉભેલો, ઉભેલી, ઉભેલું, ઉભો, ઉભી, ઉભું.

કૃદંત અને ક્રિયાપદ.

૭૬ કેટલાક શબ્દોનું વ્યાકરણ કૃદંત અને ક્રિયાપદ બંને થઈ શકે છે. જો તે શબ્દ વાક્યને છેડે આવે તો ક્રિયાપદ, નહિ તો કૃદંત કહેવું. જેમકે મારે જવું (ક્રિયાપદ.) મારે જવું છે. (કૃદંત) તેમજ મગને કાગળ લખ્યો, (ક્રિયાપદ) અને મગને કાગળ લખ્યો હતો. (કૃદત)

૭૭ કેટલાક કૃદંત વાક્યને છેડે આવે, તો પણ તેનું વ્યાકરણ કૃદતજ થાય છે, ક્રિયાપદ થતું નથી. જેમકે આ ચોપડી તેણે લખેલી. આ કામ હું કરવાનો.

સવાલ.

૧ કૃદંત એટલે શું ?

૨ કૃદંત કેટલી જાતના છે ? તેનાં નામ તથા વ્યાખ્યા આપો.

૩ કૃદંતનામ, કૃદંત વિશેષણ, કૃદંત અવ્યયના પ્રત્યય લખો.

૪ ધાતુ ઉપર કયો પ્રત્યય લગાડવાથી કૃદંત વિશેષણ તથા કૃદંત નામ થાય.

૫ એવે પ્રસંગે એના વ્યાકરણમાં શી વાત ધ્યાનમાં રાખવી?

૬ કૃદંત નામનું વ્યાકરણ કરતાં નરજાતિ, પાંચમી વિભક્તિનું બહુવચન થાય એવો એક દાખલો આપો.

૭ નીચેના શબ્દોનું વ્યાકરણ કરો.

કરવાથી, ગંગા વાંચી રહી, ચોપડી લખી નથી.

૮ કરીને, કરતાં એનું વ્યાકરણ શું શું થાય? તે દાખલા આપી સમજાવો?

૯ લખધાતુ ઉપરથી મૂળભેદ તથા શક્યભેદમાં ક્યાં ક્યાં કૃદંત થયાં છે.

૧૦ એવા શબ્દો આપો કે જેનું વ્યાકરણ કોઇવાર કૃદંત અને કોઇવાર ક્રિયાપદ થાય. ઉદાહરણ આપી સમજાવો.

સહાયકારક ક્રિયાપદ.

૭૮ કાળમાં કે અર્થમાં મદદ કરવાને એક ક્રિયાપદની જોડે બીજા ક્રિયાપદ આવે છે તેને સહાયકારક ક્રિયાપદ કહે છે, અને પહેલાંના ક્રિયાપદને મુખ્ય ક્રિયાપદ કહે છે. જેમકે તેણે કામ કર્યું, તેણે કામ કર્યું છે, તેણે કામ કર્યું હતું, તેણે કામ કર્યું હશે એ કાળમાં મદદ કરે છે. તેણે ચોપડી લખી, તેણે ચોપડી લખી આપી, એ અર્થમાં મદદ કરેછે.

૭૯ શક ધાતુનાં ક્રિયાપદ હમેશાં સહાયકારક ક્રિયાપદ તરિકેજ વપરાય છે મુખ્ય ક્રિયાપદ તરિકે વપરાતાં નથી. જેમકે હું ચોપડી લખી શકીશ, તમે આવી શકશો.

૮૦ હમેશાં મુખ્ય ક્રિયાપદ પહેલું અને સહાયકારક ક્રિયાપદ પછી આવેછે. પણ કોઈ વખત સહાયકારક ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદની પહેલાં આવેછે જેમકે તે કોઈના દીકામાં નથી આવતો.

૮૧ જ્યારે ઘણાં ક્રિયાપદો સાથે આવેછે, ત્યારે છેલ્લાનું વ્યાકરણ ક્રિયાપદ અને ત્યાર પહેલાંના બધાં કૃદંત થાયછે, જેમકે તે પાઠ વાંચી રહ્યો હશે, એમાં હશે ક્રિયાપદ અને વાંચી તથા રહ્યો એ કૃદંત.

સવાલ.

૧ સહાયકારક ક્રિયાપદ એટલે શું?

૨ મુખ્ય ક્રિયાપદ એટલે શું?

૩ એવો ધાતુ આપોકે જે હમેશાં સહાય કારકતરિકેજ વપરાય.

૪ સહાયકારક ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદની પહેલાં આવે એવા બે દાખલા આપો.

અવ્યય.

૧ જે શબ્દના રૂપમાં કાંઈ વધ ઘટ ન થતાં હમેશાં પોતાને રૂપેજ રહેછે તેને અવ્યય કહેછે.

૨ અવ્યયની ચાર જાતો છે ૧ ઉભયાન્વયી અવ્યય. ૨ કેવળ પ્રયોગી અવ્યય.. ૩ શબ્દયોગી અવ્યય ૪ ક્રિયાવિશેષણ અવ્યય.

૩ ઉભયાન્વયી અવ્યય. જે અવ્યય બે શબ્દ કે બે વાક્યને જોડે છે, તેને ઉભયાન્વયી અવ્યય કહેછે. જેમકે કાગળ અને કલમ બંને ખોવાયાં. લવજી ગયો પણ મોહન ગયો નહિ.

દાખલા. અથવા, અને, એટલે. કે, કેમકે, કેમજે, જે, જો,તથા, તથાપિ, તો, નહિતો, નીકર, ને, પણ, માટે, રખે, રખેને, વળી.

૪ જેને ઠેકાણે કે મુકી શકાય ત્યારે ઉભયાન્વયી અવ્યય થાય, નહિ તો વિશેષણ થાય. જેમકે લખવા કારણ એ છે જે તમારે વહેલા ઘેર આવવું (અવ્યય) જે અભ્યાસ કરે તે જ્ઞાન મેળવે (વિશેષણ.)

૫ વા નો અર્થ હવા થતોહોય ત્યારે તેનું વ્યાકરણ નામ થાય) અને વા એટલે અથવા થતું હોય તો ઉભયાન્વયી અવ્યય થાય. જેમકે, સઘળે ઠેકાણે વા ભર્યોછે (નામ,) કંજુસ વા ઉદાર (ઉ. અવ્યય)

૬ પણ. એનું વ્યાકરણ કોઇવાર નામ અને કોઇવાર ઉભયાન્વયી અવ્યય થાયછે. જેમકે એને જીતું તો હું ખરો એવું ભૂવડે પણ લીધું. (નામ.) તું કહીશ ખરો પણ હું આવીશ નહિ. (ઉ.અવ્યય.)

૭ વળી એનું વ્યાકરણ ઘણી રીતે થાયછે. છાપરાની વળી (નામ.) ગાય પાછી વળી (ક્રિયાપદ.) કાગળ વળી ગયો (કૃદંત અવ્યય.), ગાય પાછી વળી નથી (કૃ. વિ.) છોકરો ડાહ્યો છે વળી મહેનતુ છે (ઉ. અવ્યય.)

૮ જો એમાં આંખે જોવાનું કામ હોય ત્યારે ક્રિયાપદ થાય, જો તથા તો સામ સામે આવતાં હોય ત્યારે અવ્યય થાય. જેમકે નકશો જો (ક્રિયાપદ.). જો તું આવીશ તો હું જઇશ (ઉ. અવ્યય.)

૯ મનમાં હરખ, શોક, ગભરાટ નવાઈ વગેરે ઉપજ્યાથી જે બોલ એકલો છુટો વપરાય તેને કેવળ પ્રયોગી અવ્યય કહેછે. જેમકે અઃ, અં, અરરર, અરે, આ, આહા, ઐ, ઓય, ઓયરે, ઓહો, ક્યાં, ખરેખર, ખરેખાત, ચુપ, જોજે, થુ, પોઇસ, બરા, ભલે, રે, વા, વાહવાહ, વાહરેવાહ, વારૂ, વારૂવારૂ, સાચે, હત, હડ. હાયહાય, હાં હાં, હાશ, હે, હેં, હો, હાં.

કેવળપ્રયોગી અવ્યય વાક્યમાં કોઈ જોડે સંબંધ રાખતો નથી, એકલા વપરાય છે.

૧૦ નામ, વિશેષણ, કે ક્રિયાપદના વર્ગમાં આવતા શબ્દો કોઈ જોડે સંબંધ રાખ્યા વગર કેવળપ્રયોગી તરિકે વપરાય છે જેમકે રામરામ, શીવશીવ, ભાઇરે, અરે બાપ, ખબરદાર, સ.ચુ, મેર વગેરે

૧૧ જે અવ્યય શબ્દની સાથે જોડાઇને શબ્દ સાથે તથા ક્રિયાપદ સાથે સંબંધ દેખાડેછે તેને શબ્દયોગી અવ્યય કહેછે. મેડી પ સે લીમડો છે, મારી જોડે આવજો બળીઆ સાથે લડયો, ખાધા પછી સુતો. અત્યાર સુધી જાગ્યો.

૧૨ શબ્દયોગી અવ્યયની પહેલાં છઠ્ઠી વિભક્તિનો ના કે ની અથવા ચોથી વિભક્તિનો ને પ્રત્યય આવેલો હોયછે, જેમકે જેની પહેલાં ની આવે એવાં. અગાઉ, અગાડી, આરપાર આગળ, આસપાસ, કને, ગોડે, જોડે, પછવાડે, પાછળ, પુંઠળ, પુંઠે, પહેલાં, ભેળે, વાંસે, સામું, સામા સાથે, પાસે.

જેની પહેલાં ના આવે એવાં. કરતાં, વડે, વના, વિના સહિત, સોત, સુદ્ધાં

જેની પહેલાં ને આવે એવાં. કાજે, માટે, લીધે, વાસ્તે, સારૂ.

૧૩ માટે તું વ્યાકરણ ઉભયાન્વયી અવ્યય થાયછે અને શબ્દ-

યોગી અવ્યય પણ થાયછે.

માટે ની પહેલાં ચોથી વિભક્તિનો ને પ્રત્યય આવતો હોય, ત્યારે તેનું વ્યાકરણ શબ્દયોગી અવ્યય કરવું. જેમકે મગનને **માટે** ચોપડી લાવો.

એ વાક્યને જોડે ત્યારે માટેનું વ્યાકરણ ઉભયાન્વયી અવ્યય કરવું જેમકે મગન માંદોછે **માટે** હું આવ્યોછું.

૧૪ કરતાં એનું વ્યાકરણ ક્રિયાપદ, કૃદંત વિશેષણ, કૃદત અવ્યય, શબ્દયોગી અવ્યય થાય, તે વિષે સમજણ પાછળ આવી ગઈ.

૧૫ કરીને એનું વ્યાકરણ કૃદંત અવ્યય અને શબ્દયોગી અવ્યય થાય તે વિષે સમજણ પાછળ આવી ગઈ.

૧૬ જે અવ્યય ક્રિયાપદનો ગુણ એટલે વેળા, ઠેકાણું, રીત, ન્યુનાધિકતા વગેરે બતાવે તેને ક્રિયા વિશેષણ અવ્યય કહેછે. જેમકે કાગળ અત્યારે લખો, મગન અહીં બેસે, રોટલા આમ ઘડવા, ગંગા ઘણું દોડી.

વેળા દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય. અત્યારે, એટલામાં. ક્યારે, જ્યારે. ત્યારે, ઝટ, ઝટપટ, નિત્ય, પરમ, પરાર, પહોર, વળી. વળતી, હમણા, ઓણ.

ઠેકાણું દેખાડનાર ક્રિયા વિશેષણ અવ્યય આમ, આગળ અહીંઆં વચ્ચે, ઉપર, ક્યાં, કહીં, જ્યાં, જહીં, ત્યાં, તહીં તળે. દૂર, નીચે, પછે, પાછળ. પાસે, બહાર. માંહે. સાથે, હેઠળ

રીત દેખાડનાર ક્રિયા વિશેષણ અવ્યય. આમ, એમ કેમ, જેમ, તેમ, હળવે.

નકાર બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય. ના, નહિ, નો, ન, મા.

બીજા ક્રિયા વિશેષણ અવ્યય. જરા, ઠીક, થોડું, ઘણું, ભલે, સારૂં, પેઠ, તૈયાર, સર, રવાને, ઉત્પન્ન.

૧૭ એટલામાં, એવામાં, પહેલાં વગરે શબ્દો જો વખત બતાવવાના કામ માટે વપરાય તો વખત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય અને ઠેકાણું બતાવવાના કામ માટે વપરાય તો ઠેકાણું બતાવનાર

ક્રિયા વિશેષણ અવ્યય થાય. જેમકે હું જતો હતો એટલામાં તમે આવી પહોંચ્યા. (વખત બતાવનાર ક્રિ. વિ. અ.). અમરત બારણામાં ઉભી હતી અને તેનો ભાઈ તથા બીજાં છોકરાં એટલામાં રમતાં હતાં (ઠેકાણું બતાવનાર ક્રિ. વિ. અ.)

૧૮ આમ, એમ, એ શબ્દો કોઈ વાર ઠેકાણું બતાવેછે, અને કોઈ વાર રીત બતાવેછે; માટે તેનું વ્યાકરણ વિચાર કરીને કહેવું. જેમકે. મહેતાજીને ઘેર જવું હોય તો **આમ** ચાલો. (ઠેકાણું બતાવનાર ક્રિ. વિ. અવ્યય.) બાઇડીઓ રોટલા **આમ** ઘડેછે. (રીતબતાવનાર ક્રિ. વિ. અ.)

૧૯ આગળ, પાછળ, પહેલાં, અંદર, બહાર, નીચે, ઉપર, તળે હેઠે વગેરે કેટલાક શબ્દોનું વ્યાકરણ શબ્દયોગી અવ્યય થાયછે, અને કોઈવાર ક્રિ. વિ. અ. થાયછે; માટે વિચાર કરીને વ્યાકરણ કરવું. જેમકે તુ **આગળ** ચાલ્યો જાયછે (ઠેકાણું બતાવનાર ક્રિ. વિ. અ.) ઘર **આગળ** ગંદવાડ થવા દેવો નહિ. (શબ્દયોગી અવ્યય.)

૨૦ પણ એ જ્યારે બે શબ્દ કે બે વાક્યને જોડે ત્યારે ઉભયાન્વયી અવ્યય થાય. નહિ તો ક્રિ. વિ. અ. થાય જેમકે મગન આવેછે **પણ** મોહન નથી આવતો (ઉભયાન્વયી અવ્યય) છગન **પણ** આવશે. (ક્રિ. વિ. અ.) પણનું વ્યાકરણ નામ પણ થાયછે જેમકે ભૂવડે **પણ** લીધું (નામ.)

૨૧ તો એનું વ્યાકરણ ઉભયાન્વયી અવ્યય અને ક્રિ. વિ. અવ્યય થાયછે. બે શબ્દ કે બે વાક્યને જોડે ત્યારે ઉભયાન્વયી થાય. એવે વખતે તેના આગલા વાક્યમાં જો હોયછે અથવા અધ્યાહાર હોયછે. જેમકે—જો તમે આવો **તો** મગન આવે (ઉભયાન્વયી અવ્યય.) અને તમે **તો** જાઓ (ક્રિ. વિ. અ.)

૨૨ વળી એનું વ્યાકરણ ઉભયાન્વયી અવ્યય અને ક્રિયાવિશેષણ અવ્યય થાયછે તે **પણ**ની પેઠેજ ઓળખાયછે. જેમકે મગન ગયો **વળી** આવશે. (ઉભયાન્વયી અવ્યય) તું **વળી** ક્યાં ચાલ્યો ક્રિ. વિ.

અ.) વળીનું વ્યાકરણ નામ, કૃદંત વિશેષણ, કૃદંત અવ્યય, ક્રિયાપદ પણ થાયછે તે વિષે પાછળ આવી ગયું.

સવાલ.

૧ અવ્યય એટલે શું ?

૨ અવ્યયની કેટલી જાતોછે ? તેનાં નામ અને વ્યાખ્યા આપો.

૩ નીચેના શબ્દોનું વ્યાકરણ શું શું થાય ? દાખલા આપી સમજાવો.

જે, પણ, ધો, વળી, જો, તો, માટે, કરતાં, કરીને, એવામાં, પાછળ, વચ્ચે, અગાડી, આગળ, આમ, પહેલાં,

૪ ચારે જાતનાં અવ્યયના દશ દશ દાખલા આપો.

૫ ક્રિયાવિશેષણ અવ્યયની દરેક જાતના પાંચ પાંચ દાખલા આપો.

વિભક્તિના અર્થ.

સાતે વિભક્તિઓ ક્રિયાપદ સાથે કઈ કઈ જાતનો સંબંધ રાખેછે તે બતાવવું તેને વિભક્તિના અર્થ કહેછે.

૨ છઠ્ઠી સિવાય બીજી બધી વિભક્તિઓ ક્રિયાપદ સાથે સંબંધ રાખેછે, તે સઘળી કારક કહેવાયછે.

પહેલી વિભક્તિ.

કર્ત્તા, કર્મ, સંબોધન, પરિમાણ, અધિકરણ વગેરે જણાવનાર શબ્દને પહેલી વિભક્તિ હોયછે.

૧ કર્ત્તા—**લવજી** વાંચેછે.

૨ કર્મ—લવજી **ચોપડી** વાંચેછે.

૩ સંબોધન— એટલે નામ દઈને બોલાવવું. જેમકે—**લવજી**, તું વાંચતો કેમ નથી ? હે **કૃપાનાથ** તારો આશરોછે.

૪ પરિમાણ—એટલે માપ. વજનનું, અંતરનું, અને વખતનું માપ તે પરિમાણ. જેમકે પાંચ **મણ** ચોખા લીધા. ત્રણ **પળી દૂધ** પીધું. ચાર **ગાઉ** ચાલ્યો, બે **દિવસ** ગેરહાજર રહ્યા.

૫ અધિકરણ—જે ઉપર ક્રિયા થાય તે જગ્યા. જેમકે—હું **અ-**

મહાવાદ જાઉછું.

બીજી વિભક્તિ.

કર્મ અને સંબંધ બતાવવાને બીજી વિભક્તિ કામમાં આવેછે.

૧ કર્મ–છોકરાને બોલાવેછે. તેણે ગાયને મારી.

૨ સંબંધ–રાજાને બે કુંવરછે. મોહને ગાયને લાકડી મારી.

કેટલાંએક ક્રિયાપદને બે કર્મ હોયછે તેમાં બીજી વિભક્તિવાળા કર્મને સંબંધ અર્થ બીજી વિભક્તિ કહેવી.

૩ વિધિ વર્તમાનકાળના મુખ્ય ક્રિયાપદની પછી સહાયકારક ક્રિયાપદ આવેછે ત્યારે મુખ્ય ક્રિયાપદનો કર્તા બીજી વિભક્તિમાં આવેછે. જેમકે અકબરને લડાઈ કરવી પડી. રામજીને દોડવું પડયું.

૪ સકર્મક ક્રિયાપદના શક્યભેદમાં કર્મ કર્તા થઈને પહેલી વિભક્તિમાં આવેછે, કોઈ વાર બીજીમાં પણ આવેછે. જેમ મારાથી તેને અડાયું. બીલાડીથી ઉંદરને પકડાયો નહિ.

ત્રીજી વિભક્તિ.

કર્તા, કરણ, કારણ, પરિમાણ, મૂલ, અંગવિકાર. સાહિત્ય, અધિકરણ એ અર્થમાં ત્રીજી વિભક્તિ આવેછે.

૧ કર્તા સિપાઈએ ચોરને માર્યો.

૨ કરણ એટલે હથિયાર. જે વડે ક્રિયા કરાય તે. જેમકે તરવારે માથું કાપ્યું.

૩ કારણ એટલે જેમાંથી ઉત્પન્ન થાય તે. જેમકે–તાવે ઘણાં માણસ મરી જાયછે. ઉજાગરે માથું દુખેછે.

૪ પરિમાણ. લાડુમાં શેરે અદશેર ઘી નાંખ્યું.

ગાઉએ બે પૈસા ભાડું બેસે

૫ મૂલ એટલે ભાવ અથવા કિંમત–ઘોડો ૪૦ રૂપિએ વેચ્યો

૬ અંગવિકાર. એટલે શરીરની ખોડ. જેમકે તે પગે લુલોછે.

૭ સાહિત્ય. એટલે સામગ્રી. જેમકે મહારાજા ચારસેં ઘોડે પધાર્યા. તે બસેં માણસે ચડયો.

સાહિત્યને સાથે કે સહિત શબ્દયોગી અવ્યય લાગ્યો હોય ત્યારે છઠ્ઠી વિભક્તિ થાયછે. જેમકે. મહારાજા ચારસેં ઘોડા સહિત પધાર્યા. તે બસેં માણસ સાથે ચડયો.

૮ અધિકરણ. તે વડોદરે ગયો. આંબે કેરીઓ બેઠી.

૯ વખત. હું સવારે આવીશ. બારમહિને એક ચોપડી ભણાય.

૧૦ જાતિ, અધિકાર વગેરે. જેમકે તે જાતે બ્રાહ્મણછે, તે અધિકારે ફોજદાર છે.

ચોથી વિભક્તિ.

નિમિત્ત, કારણ જણાવનાર શબ્દને ચોથી વિભક્તિ લાગેછે.

૧ નિમિત્ત હું તેને સારૂ ટોપી લાવ્યો

ને પછી કાજે, માટે, વાસ્તે, સારૂ એ શબ્દો આવે ત્યારે નિમિત્ત હોયછે.

૨ કારણ. હું તેને લીધે અમદાવાદ ગયો.
ને પછી કારણે લીધે એ શબ્દો આવે ત્યારે કારણના અર્થમાં ચોથી વિભક્તિ કહેવાયછે.

પાંચમી વિભક્તિ.

અપાદાન, કરણ, કારણ વગેરે જણાવનાર શબ્દને પાંચમી વિભક્તિ લાગેછે.

અપાદાન એટલે જૂદા પડવું થાય તે—અવધિ, વિયોગ, ન્યુનાધિકતા એ અપાદાનમાં આવેછે.

૧ અવધિ—એટલે સીમા અથવા હદ. જગ્યાનું કે વખતનું અંતર બતાવવાના કામમાં આવેછે. જેમકે આ નગરથી નડીઆદ ત્રીશ ગાઉછે. મગન બે વરસથી ભણેછે.

૨ વિયોગ એટલે છુટા પડવું. જેમકે હું ભાવનગરથી નીકળ્યો.

૩ ન્યુનાધિકતા. એટલે નાના મોટાપણું. જેમકે મુંબઈથી અમદાવાદ નાનું છે. ઈંટથી પથરો ભારેછે. ચોપડીથી સ્લેટ મોટી છે.

૪ કરણ. તરવારથી માથું કાપ્યું.

૫ કારણ. ગરમીથી માથું દુઃખેછે.

શક્યભેદમાં મૂળનો કર્ત્તા કારણ અર્થે પાંચમી વિભક્તિમાં આવેછે. જેમકે મગનથી અવાશે. મોહનથી લખાશે.

છઠ્ઠી વિભક્તિ.

છઠ્ઠી વિભક્તિ સંબંધ બતાવવાના કામમાં આવેછે.

સંબંધ ઘણી જાતનો છે. સગાઈ, માલિકી અથવા કબજો, આધાર, પ્રકૃતિ વગેરે.

૧ સગાઇનો સંબંધ—મગનનો ભાઈ. દીકરાની વહુ.

૨ માલિકી અથવા કબજો. રાજાનો મહેલ, મગનની ચોપડી.

૩ આધાર—નદીનું માછલું, માથાના વાળ.

૪ પ્રકૃતિ—રૂપાનો લોટો, શીશમની આંકણી.

છઠ્ઠી વિભક્તિ ક્રિયાપદ સાથે સંબંધ રાખતી નથી.

છઠ્ઠી વિભક્તિ શબ્દયોગી અવ્યય સાથે સંબંધ રાખેછે, ત્યારે ઘણીવાર તેનો પ્રત્યય અધ્યારાર હોયછે, તો પણ વિચાર કરીને છઠ્ઠી વિભક્તિ કહેવી.

સાતમી વિભક્તિ.

અધિકરણ, અને વખત બતાવવાના કામમાં સાતમી વિભક્તિ આવેછે.

૧ અધિકરણ. હોડીમાં બેઠો. ગળામાં કંઠી છે.

૨ વખત. સવારમાં આવજે. પાંચ દિવસમાં આવીશ.

સવાલ.

૧ પહેલી વિભક્તિ શા શા અર્થમાં આવેછે? તેના બબે દાખલા.

૨ બીજી વિભક્તિ. ,,

૩ ત્રીજી વિભક્તિ ,,

૪ ચોથી વિભક્ત. ,,

૫ પાંચમી વિભક્તિ. ,,

૬ છઠ્ઠી વિભક્તિ. ,,

૭ સાતમી વિભક્તિ. ,,

૮ જે અર્થ એકથી વધારે વિભિક્તમાં આવતા હોય તે કહે ને એકેક દાખલો આપો.

૯ કર્ત્તા, કર્મ, પરિમાણ, અધિકરણ, કરણ, કારણ, સંબંધ એ અર્થ કઈ વિભક્તિમાં આવે ? તેનો એકેક દાખલો આપો.

૧૦ કર્ત્તા, કર્મ, સંબોધન, પરિમાણ, અધિકરણ, કરણ, કારણ, અવધિ, વિયોગ, ન્યુનાધિકતા, એટલે શું ?

પદચ્છેદ.

લવજી ઘેર નથી.

૧ નથી—કર્ત્તા લવજી, કર્મ ૦ માટે અકર્મક ક્રિયાપદ, છ ધાતુનું અકર્ણરૂપ, મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ લવજી માટે ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ

ચાલો. આપણે નકશો જોઇએ

૨ જોઇએ—કર્ત્તા આપણે, કર્મ નકશો, માટે સકર્મક ક્રિયાપદ જો ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ આપણે, માટે પહેલો પુરૂષ, નરજાતિ, બહુવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

બ્રાહ્મણને તો લાડુ જોઇએ.

૩ જોઇએ—કર્ત્તા લાડુ, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જોઇ ધાતુ, મૂળભેદ અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ લાડુ, માટે ત્રીજો પુરૂષ નરજાતિ, બહુવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

લાલજીએ બળદને લાકડી મારી.

૪ મારી—કર્ત્તા લાલજીએ, કર્મ લાકડી માટે સકર્મક ક્રિયાપદ મારધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ લાકડી, માટે ત્રીજો પુરૂષ, નારીજાતિ, એકવચન, સકર્મક કર્મણિ પ્રયોગ

લાલજીએ બળદને માર્યો.

૫ માર્યો—કર્ત્તા લાલજીએ, કર્મ બળદને, માટે સકર્મક ક્રિયાપદ, મારધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ બળદને, માટે ત્રીજો પુરૂષ,

નતિ, એકવચન, સકર્મક કર્મણિ પ્રયોગ.

હૈદર રાજા થયો.

૬ થયો—કર્ત્તા હૈદર, કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, થા ધાતુ ગભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ હૈદર. માટે ત્રીજો પુરૂષ, નરજાતિ એક ચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

હમેશાં સવારે બાઈડાઓ પાણી ગળે છે.

૭ ગળે છે—કર્ત્તા બાઈડાઓ, કર્મ પાણી, માટે સકર્મક ક્રિયાપદ ળધાતુ, મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ બાઈડાઓ માટે ત્રીજો પુ-ષ. નારીજાતિ, બહુવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ

ચોમાસામાં છાપરેથી પાણી ગળે છે.

૮ ગળે છે—કર્ત્તા પાણી. કર્મ નથી, અકર્મક ક્રિયાપદ, ગળધાતુ મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ પાણી, માટે ત્રીજો પુરૂષ, નાન્ય તરજાત, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

હવે છગનથી કામ કરાય છે.

૯ કરાય છે. કર્ત્તા કામ, કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ કર ધાતુ, શક્યભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કામ, માટે ત્રીજો પુરૂષ. નાન્યતરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

સાહેબ પાસે વાંચતાં છગન ગભરાય છે.

૧૦ ગભરાય છે. કર્ત્તા છગન. કર્મ નથી, માટે અકર્મક ક્રિયા-પદ, ગભરા ધાતુ, મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ છગન, માટે ત્રી-જો પુરૂષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

હું ને તમે સાથે ભણ્યા.

૧૧ ભણ્યા- કર્ત્તા હું, તમે, કર્મ ભણતર (અધ્યાહાર) માટે સ-કર્મક ક્રિયાપદ ભણ ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ હું, તમે મા-ટે પહેલો પુરૂષ, નરજાત, બહુવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

ભેંસો ને પાડા સાથે ચરે છે.

૧૨ ચરે છે–કર્તા ભેંસો, પાડા, કર્મ ઘાસ (અધ્યાહાર.) સકર્મક ક્રિયાપદ, ચરધાતુ, મૂળભેદ, વર્તમાનકાળ, ક્રિયાનાથ ભેંસો માટે ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ બહુવચન, સકર્મક કર્તરિપ્રયોગ.

છગને આવવું.

૧૩ આવવું–કર્તા છગને, કર્મ નથી. માટે અકર્મક ક્રિયા આવ ધાતુ, મૂળભેદ, વિધિ વર્તમાનકાળ, ક્રિયાનાથ ભાવ, માટે ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ એકવચન અકર્મક ભાવે પ્રયોગ.

કાગળ લખવામાં શી વાર લાગે !

૧૪ લખવામાં–કૃદંત નામ, નાન્યતર જાતિ, સાતમીનું એકવચન

મેં તારી ચોપડી વાંચી નથી.

૧૫ વાંચી–કૃદંત વિશેષણ, નારીજાતિ, પહેલીનું એકવચન.

હું પાઠ વાંચી રહ્યો.

૧૬ વાંચી–કૃદંત અવ્યય.

છોકરાં જમતાં હતાં.

૧૭ જમતાં–કૃદંત વિશેષણ, નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

ગગા હવે જમતાં શીખી.

૧૮ જમતાં–કૃદંત અવ્યય.

મેં પાંચ પુસ્તકો લખ્યાં હતાં.

૧૯ લખ્યાં–કૃદંત વિશેષણ, નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

મહેતાજી આવે ત્યાં સુધી લખ્યાં કરજે.

૨૦ લખ્યાં–કૃદંત અવ્યય.

ઠાકોર કરીને છોકરો હતો.

૨૧ કરીને–શબ્દયોગી અવ્યય.

તરવારે કરીને માથું કાપ્યું.

૨૨ કરીને–શબ્દયોગી અવ્યય.

કામ કરીને થાક્યો છું.

૨૩ કરીને—કૃદંત અવ્યય.

છોકરાં કામ કરતાં.

૨૪ કરતાં—કર્ત્તા છોકરાં, કર્મકામ, માટે સકર્મક ક્રિયાપદ, કર-ધાતુ, મૂળભેદ, અનિયમિત ભૂતકાળ. ક્રિયાનાથ છોકરાં, માટે ત્રીજો પુરૂષ, નાન્યતર જાતિ, બહુવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

છોકરાં કામ કરતાં હતાં.

૨૫ કરતાં—કૃદંત વિશેષણ, નાન્યતર જાતિ, પહેલીનું બહુવચન

કામ કરતાં થાક લાગ્યો છે.

૨૬ કરતાં. કૃદંત અવ્યય.

લવજી કરતાં છગન મોટો છે.

૨૭ કરતાં—શબ્દયોગી અવ્યય.

તે કોઇના દાંડામાં નથી આવતો.

૨૮ આવતો—કૃદત વિશેષણ, નરજાતિ પહેલીનું એકવચન.

૨૯ નથી—કર્તા તે, કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ. છ ધાતુનું અકર્ણરૂપ, મૂળભેદ, વર્તમાનકાળ, ક્રિયાનાથ તે, માટે ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિપ્રયોગ.

મહેતાજીએ કહ્યું જે આ હિસાબ ખરો છે.

૩૦ જે—ઉભયાન્વયી અવ્યય.

જે લેશન કાચુ રહ્યું હોય તે આગળ જતાં નડે.

૩૧ જે—બીજા પ્રકારનું વિશેપણુ,વિશેષ્ય લેશન, માટે નાન્યતર જાતિ, પહેલીનું એકવચન.

કંજુસ વા ઉદાર.

૩૨ વા—ઉભયાન્વયી અવ્યય.

સઘળે ઠેકાણે વા ભર્યો છે.

૩૩ વા. બીજા પ્રકારનું નામ, નરજાતિ કર્ત્તા અર્થે પહેલીનું એકવચન. છે ક્રિયાપદનો કર્ત્તા.

એને જીતવાનું ભૂવડે પણ લીધું,

૩૪ પણ—બીજા પ્રકારનું નામ, નાન્યતરજાતિ, કર્મ અર્થે પહેલીનું એકવચન લીધું ક્રિયાપદનું કર્મ.

તું ગયો પણ મને કહ્યું નહિ.

૩૫ પણ—ઉભયાન્વયી અવ્યય.

તું આવ્યો ને લવજી પણ આવ્યો.

૩૬ પણ—ક્રિયા વિશેષણ અવ્યય.

છાપરામાંથી વળી કાઢ.

૩૭ વળી—બીજા પ્રકારનું નામ, નારીજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન. કાઢ ક્રિયાપદનું કર્મ.

ગાય અહીંથી પાછી વળી.

૩૮ વળી—કર્તા ગાય, કર્મ નથી, અકર્મક ક્રિયાપદ, વળધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ ગાય, માટે ત્રીજે પુરૂષ, નારીજાતિ એકવચન, અકર્મક કર્તરિપ્રયોગ.

ગાય પાછી વળી નથી.

૩૯ વળી—કૃદંત વિશેષણ, નારીજાતિ, પહેલીનું એકવચન.

કાગળ વળી ગયો.

૪૦ વળી—કૃદંત અવ્યય.

તે ડાહ્યો છે, વળી મહેનતુ પણ ખરો.

૪૦ વળી—ઉભયાન્વયી અવ્યય.

તેં વળી એ શું લીધું ?

૪૧ વળી—ક્રિયા વિશેષણ અવ્યય.

નકશામાં જો.

૪૨ જો— કર્તા તું કર્મ જોવાનું, માટે સકર્મક ક્રિયાપદ, જો ધાતુ, મૂળભેદ અનિયમિત વર્તમાનકાળ ક્રિયાનાથ તું, માટે બીજે પુરૂ-

૫ નરજાત, એકવચન સકર્મક કર્તરિપ્રયોગ.

જો તું આવે તો છગનને બોલાવું.

૪૩ તો—ઉભયાન્વયી અવ્યય.

છગનને માટે સ્લેટ લાવી.

૪૪ માટે—શબ્દયોગી અવ્યય.

તમે પંડે આવ્યા માટે આપવું પડશે.

૪૫ માટે—ઉભયાન્વયી અવ્યય.

હું તૈયારી કરૂં છું એટલામાં તે આવી પહોંચશે.

૪૬ એટલામાં—વખત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

અમરત ઉભી હતી અને તેના ભાઇ તથા બીજાં છોકરાં એટલામાં રમતાં હતાં.

૪૭ એટલામાં—ઠેકાણું બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

અંદર ઉપર જવું હોય તો આમ ચાલો.

૪૮ આમ—ઠેકાણું બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

૧ કલમ આમ થાભે તો અક્ષર સારા આવે.

૪૯ આમ—રીત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

ઘર આગળ ગંદવાડ રાખવો નહિ.

૫૦ આગળ—શબ્દયોગી અવ્યય.

તું આગળ ચાલ, હું પાછળ આવું છું.

૫૧ આગળ—ઠેકાણું બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

તું જાય તો તે આવે.

૫૨ તો—ઉભયાન્વયી અવ્યય.

છગન તો તોફાન બહુ કરે.

૫૩ તો—ક્રિયા વિશેષણ અવ્યય

જાહેર ખબર.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કિંમતે અ-થવા વેલ્યુપેએબલથી મળશે.

ડુંગર સંસ્થાન ભાવનગર-મેમણ હામદ વલી.

ભાવનગર-બુકસેલર અબદુલહુસેન આદમજી

રાજકોટ-બુકસેલર બહેચર મેઘજી. પરામાં.

[illegible]ચાણુ સીટી-મેરાઈ બાવલ ગોપાળ. શાચ્યાણીની પોળે.

અમદાવાદ-યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં.

ફેરીઆ પાસેથી પાંચથી પાંચ, દશથી દશ, પંદરથી પદર, વીશથી વીશ અને પચીશથી પચીશ ટકા પ્રમાણે કમીશનથી મળશે. ટપાલ ખર્ચ માફ. વેલ્યુપેએબલ ખર્ચ ચડશે.

ત્રિભોવન નારણુ થોરીઆ.

સ્કૂલ માસ્તર ડુંગર,

સંસ્થાન ભાવનગર.